dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.

https://dhunt.in/RbYBS



# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-08 | Issue-301 | AD-2025, Sravan Sud-10 | Monday, Dt.04-08-2025 | Editor: Vasant Movliya : Phone: (02792) 225225 | E-mail: sanjognews@gmail.com | Page-08 Price: Rs.3-00


મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ૧૨ પૂરગ્રસ્ત જિલ્લાઓમાં બચાવ કામગીરી પર નજર રાખવા માટે ૧૧ સભ્યોની એક ખાસ મંત્રીમંડળની ટીમ બનાવી

# યુપી, બિહાર સહિતના રાજ્યોમાં ભારે વરસાદથી એલર્ટ જાહેર

નવીદિલ્હી, તા.૩

ગરમી વધતાંની સાથે જ લોકો વરસાદની રાહ જોવા લાગે છે, આ વખતે ચોમાસામાં ભારે વરસાદ પડી રહ્યો છે અને સતત વરસાદને કારણે દેશના અનેક રાજયોમાં તબાહી મચી છે. દિલ્હી-એનસીઆર સહિત ઘણા રાજ્યોમાં ભારે વરસાદ પડ્યો, જેના કારણે તાપમાનમાં ઘટાડો થયો, પરંતુ ઘણા લોકોની મુશ્કેલીઓ પણ વધી ગઈ છે. ભારે વરસાદને કારણે ઘણા અંડરપાસ અને રસ્તાઓ પાણીથી ભરાઈ ગયા છે. યુપીના ઘણા વિસ્તારોમાં વરસાદને લઈને ચેતવણી આપવામાં આવી છે અને નદીઓ છલકાઈ રહી છે. તે જ સમયે, રાજસ્થાન, બિહાર, ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં પણ હવામાન ખરાબ થઈ ગયું છે. ઉત્તર પ્રદેશના ઘણા જિલ્લાઓમાં ભારે વરસાદને કારણે, વહીવટીતંત્ર પણ સક્રિય થઈ ગયું છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ૧૨ પૂરગ્રસ્ત જિલ્લાઓમાં રાહત અને બચાવ કામગીરી પર નજર રાખવા માટે 'ટીમ-૧૧' નામની ૧૧ સભ્યોની એક ખાસ મંત્રીમંડળની ટીમ બનાવી છે. દરેક મંત્રીને એક કે બે જિલ્લા સોંપવામાં આવ્યા છે, જેથી તેઓ રાહત પ્રયાસોનું નિરીક્ષણ કરી શકે, સુરક્ષા સુનિશ્ચિત કરી શકે અને પરિસ્થિતિ પર ૨૪×૭ નજર રાખી શકે. મુખ્યમંત્રીએ મંત્રીઓને અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લેવા, રાહત શિબિરોનું નિરીક્ષણ કરવા અને ખોરાક, આરોગ્ય અને સ્વચ્છતા વ્યવસ્થા માટે અધિકારીઓ સાથે સંકલન કરવાનો નિર્દેશ આપ્યો છે. યુપીના વારાણસીમાં, ગંગા નદી ભયના નિશાન (૭૧.૨૬ મીટર) ની નજીક ૬૯.૯૮ મીટર પર પહોંચી ગઈ છે, જેના કારણે તુલસી ઘાટમાં પૂર જેવી સ્થિતિ છે અને વરુણ



નદીમાં પાણી વધવાને કારણે લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવી રહ્યા છે. આ કારણે, ગંગા પર બોટ સેવાઓ બંધ કરી દેવામાં આવી છે. યુપી ઉપરાંત, બિહારના ઘણા જિલ્લાઓમાં આગામી ૪૮ કલાક માટે ચેતવણી જારી કરવામાં આવી છે, હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, અહીં ભારે વરસાદ પડી શકે છે. પટના, ઔરંગાબાદ, ગયા અને જમુઈ સહિત કુલ ૧૯ જિલ્લાઓ માટે આ ચેતવણી જારી કરવામાં આવી છે. આ સમય દરમિયાન, લોકોને ભારે પવન અને વાવાઝોડા અંગે પણ ચેતવણી આપવામાં આવી છે. હિમાચલના ત્રણ જિલ્લાઓમાં વરસાદ માટે યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે. શિમલા, સોલન અને સિરમૌરમાં ભારે વરસાદ માટે યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે. તે જ સમયે, આગામી બે દિવસમાં ઘણા જિલ્લાઓમાં ભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે, હવામાન વિભાગ અનુસાર, ૪ અને ૫ ઓગસ્ટના રોજ વરસાદ વધુ તીવ્ર બનશે, જેના માટે ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. ૪ ઓગસ્ટના રોજ સિરમૌર, કુલ્લુ, કાંગડા, ઉના અને બિલાસપુર જિલ્લામાં ભારે વરસાદની ચેતવણી છે. તે જ સમયે, હમીરપુર, ચંબા, મંડી, શિમલા અને સોલનમાં યલો એલર્ટ જારી કરવામાં આવશે. ૫ ઓગસ્ટે કાંગરા, મંડી, સોલન અને સિરમૌરમાં ભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ રહેશે, જ્યારે ઉના, હમીરપુર, બિલાસપુર, ચંબા, કુલ્લુ અને શિમલામાં ભારે વરસાદને કારણે યલો એલર્ટ રહેશે. ૬ ઓગસ્ટે કાંગરા, મંડી, શિમલા અને સોલન માટે યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે. યુપી-બિહાર ઉપરાંત, રાજસ્થાનના હવામાન વિભાગે ઉત્તર અને ઉત્તર-પૂર્વીય વિસ્તારોમાં, ખાસ કરીને બિકાનેર, શેખાવતી, જયપુર અને ભરતપુર જેવા વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી કરી છે. ૪ ઓગસ્ટે અહીં ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. આ સાથે લોકોને પણ સતર્ક રહેવાની સલાહ આપવામાં આવી છે. પહાડી રાજ્યોમાં વિનાશ તરીકે વરસાદ પડી રહ્યો છે.

# સનાતન ધર્મએ આખા દેશને બરબાદ કરી નાખ્યો : એનસીપી ધારાસભ્યનો બફાટ

**ધારાસભ્યના બફાટ સામે રાજકીય માહોલ ગરમાયો**

મુંબઈ,તા.૦૩

માલેગાંવ બ્લાસ્ટ કેસમાં પ્રજ્ઞા ઠાકુર અને લેફ્ટનન્ટ કર્નલ પુરોહિત સહિત સાત આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા બાદ રાજકીય માહોલ ગરમાયો છે. આ દરમિયાન રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP



શરદ પવાર જૂથ)ના ધારાસભ્ય જિતેન્દ્ર આવ્હાડે સનાતન ધર્મ વિશે વિવાદાસ્પદ નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે, 'સનાતનની વિચારધારા વિકૃત છે અને તેણે આખા દેશને બરબાદ કરી નાખ્યો છે.' મીડિયા સાથેની વાતચીતમાં રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP શરદ પવાર જૂથ)ના ધારાસભ્ય જિતેન્દ્ર આવ્હાડે કહ્યું કે, 'કોઈ પણ ધર્મને ક્યારેય સનાતન ધર્મ કહેવામાં આવ્યો નથી. આપણે બધા હિન્દુ ધર્મમાં માનીએ છીએ.

આ એ જ કહેવાતો સનાતન ધર્મ છે જેને છત્રપતિ શિવાજી મહારાજે નકારી કાઢ્યો હતો. સનાતન ધર્મે આપણા છત્રપતિ શિવાજી મહારાજને પણ બદનામ કર્યા હતા. આ સનાતન ધર્મના લોકોએ જ્યોતિરાવ ફૂલેની હત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો.'


Rajkot Cancer Society
1 Tirupatinagar, Nirmala Convent Road, Rajkot.
કેન્સરને લગતા રોગોના નિષ્ણાંત અમરેલીમાં
ડૉ દેબાદીપ્તી પ્રધાન
કન્સલ્ટન્ટ રેડિએશન ઓન્કોલોજિસ્ટ
તારીખ : 07/08/2025
દર મહિનાના પહેલા ગુરૂવારે
તપાસ ફી : 500/-
સ્થળ : રાધિકા હોસ્પિટલ, ચિતલ રોડ, અમરેલી.
સમય : સવારે ૧૧ થી બપોરે ૧ વાગ્યા સુધી
વધુ માહિતી અને નામ નોંધાવવા માટે સંપર્ક કરો : 94269 56406
Drishty-25


# અમદાવાદ પ્લેન ક્રેશ: બ્રિટિશ નાગરિકોના પરિવારોએ મૃતદેહોની ઓળખ અંગે ચિંતા કરી

અમદાવાદ,તા.૦૩

અમદાવાદથી લંડન જતી વખતે એર ઈન્ડિયાના વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા ૫૨ બ્રિટિશ નાગરિકોના પરિવારો મૃતદેહોની ઓળખ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી રહ્યા છે. બ્રિટનની લીગલ ફર્મ સ્ટોન લો મુજબ, ભારતથી મોકલવામાં આવેલા ૧૨ મૃતદેહોમાંથી બેની ઓળખ ખોટી હોવાનું જાણવા મળ્યું છે.

આ મુજબ, ૪૦ મૃતદેહોની ઓળખ શંકાસ્પદ બની રહી



છે, જ્યારે ઘણા મૃતદેહોના અગ્નિસંસ્કાર કરવામાં આવ્યા છે. બ્રિટિશ વકીલ જેમ્સ હીલી-પ્રેટએ ભારતની તપાસ એજન્સી એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો (AAIB) ને અપીલ કરી છે કે તેઓ પરિવારોને કોકપિટ રેકોર્ડિંગ અને ફ્યુઅલ-કટઓફ જેવા મહત્વપૂર્ણ પુરાવા આપે. બ્રિટિશ PM કીર સ્ટાર્મર અને PM નરેન્દ્ર મોદી વચ્ચે આ મુદ્દા પર હાલમાં થયેલી ચર્ચા બાદ DNA પ્રક્રિયા ઝડપી બની છે. એવી અપેક્ષા છે કે કેટલાક મૃતદેહોના DNA ટૂંક સમયમાં મેચ થશે.

તેમજ, પરિવાર ટાટા ગ્રુપ દ્વારા રૂ.૫૦૦ કરોડના વળતર યોજના અંગે સ્પષ્ટતાની પણ માંગ કરી રહ્યો છે, કારણ કે ભારત, ઈંગ્લેન્ડ અને અમેરિકામાં કાનૂની કાર્યવાહીમાં સમય લાગે છે. પરિવારે તપાસમાં પારદર્શિતાની પણ માંગ કરી છે.

**ભારતથી મોકલવામાં આવેલા ૧૨ મૃતદેહોમાંથી બેની ઓળખ ખોટી હોવાનું જાણવા મળ્યું**






બોલેરો કારમાં ૧૫ લોકો સવાર હતા, જેમાં મોટાભાગના એક જ પરિવારના હોવાનો ખુલાસો

# યુપીના ગોંડામાં બોલેરો નહેરમાં ખાબકતા ૧૧ના મોત

ગોંડા,તા.૦૩

યુપીના ગોંડામાં, એક બોલેરોએ કાબુ ગુમાવ્યો અને સરયુ નહેરમાં ખાબકી હતી. આ અકસ્માતમાં ૧૧ લોકોના મોત થયા. જેમાંથી મોટાભાગના લોકો એક જ પરિવારના હતા. બોલેરોમાં ૧૫ લોકો સવાર હતા. તે બધા પૃથ્વીનાથ મંદિરમાં જળ ચઢાવવા જઈ રહ્યા હતા. અકસ્માત પછી, ચીસો સાંભળીને ગ્રામજનો ઘટનાસ્થળે દોડી આવ્યા. ૧૦ મિનિટ પછી પોલીસ પણ ત્યાં આવી પહોંચી હતી. આ પછી, બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી. પરંતુ કારના દરવાજા ખુલતા ન હતા. લોકો ગાડીની અંદર તડપી રહ્યા હતા. જેમતેમ કરીને લોકોએ કારના કાચ તોડીને બધાને બહાર કાઢ્યા.



બધાને CPR આપવામાં આવ્યું, પરંતુ ૮ લોકો ભાનમાં આવ્યા નહીં. જ્યારે ૪ લોકોને ભાનમાં આવ્યા બાદ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. હાલમાં, બોલેરો હજુ પણ નહેરમાં ફસાયેલી છે. ૩ પોલીસ સ્ટેશનના લગભગ ૧૦૦ પોલીસકર્મીઓ બચાવ કામગીરીમાં રોકાયેલા હતા. મૃતકોની ઓળખ બીના (૩૫), કાજલ (૨૨), મહેક (૧૨), દુર્ગેશ, નંદિની, અંકિત, શુભ, સંજુ વર્મા, અંજુ, અનસૂયા, સૌમ્યા તરીકે થઈ છે.

**૧૦૦ પોલીસકર્મી બચાવ કામગીરીમાં જોડાયા**






# શ્રીનગર એરપોર્ટ પર સેનાના અધિકારીએ સ્પાઈસજેટના ૪ કર્મચારીઓને માર્યા

શ્રીનગર,તા.૦૩

શ્રીનગર એરપોર્ટ પર, એક્સ્ટ્રા લગેજ મામલે સેનાના એક અધિકારીએ સ્પાઈસજેટના ચાર કર્મચારીઓ સાથે મારપીટ કરી હતી. મારામારીમાં એક કર્મચારીની કરોડરજ્જુ ભાંગી ગઈ. બીજાનું જડબું તૂટી ગયું. ત્રીજા કર્મચારીના નાકમાંથી લોહી નીકળવા લાગ્યું. ચોથો કર્મચારી બેભાન થઈ ગયો, તેમ છતાં આરોપી તેને લાતો મારતો રહ્યો હતો. આ ઘટના ૨૬ જુલાઈના રોજ બની હતી. આ મામલો હવે પ્રકાશમાં



આવ્યો છે. એરલાઈને પણ એક નિવેદન જારી કરીને આરોપી સૈન્ય અધિકારીને નો-ફ્લાઈંગ લિસ્ટમાં મૂક્યો છે. સેનાએ પણ આ બાબતની નોંધ લીધી છે અને કહ્યું છે કે આરોપી સામે કાર્યવાહી કરવામાં આવશે.




# સાવરકુંડલાના લુવારા ગામે સુરજવડી ડેમમાં નવા નીર આવતા વધામણા કરાયા

સાવરકુંડલા,તા.૦૩

સાવરકુંડલા તાલુકાના લુવારા ગામ ખાતે આવેલા સુરજવડી ડેમમાં નવા નીર આવ્યા છે. નવા નીરના વધામણાં માટે એક કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં લુવારા ગામના યુવા સરપંચ અશોકભાઈ બોરીચા, ઉપસરપંચ રણુભાઈ ચાંદુ સહિત લુવારા ગ્રામ પંચાયતના સદસ્યો અને ગ્રામજનો



ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સાવરકુંડલા-લીલીયા ધારાસભ્ય મહેશભાઈ કસવાળા પણ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન સરપંચ અશોકભાઈ બોરીચા અને ગ્રામજનોએ ધારાસભ્યને રજૂઆતો કરી હતી. જેમાં ડેમને ઊંડો ઉતારવો, નર્મદાનું પાણી નાખવા, લુવારા અને આંબરડી ગામને જોડતો પુલ બનાવવો, અને ગામમાં નવા ટી.સી. નાખવા સહિતની રજૂઆતો કરી હતી. ધારાસભ્ય મહેશભાઈ કસવાળાએ આ તમામ રજૂઆતોને ધ્યાનમાં લઈને તાત્કાલિક વિકાસના કામો શરૂ કરવાની ખાતરી આપી હતી.

# લીલીયા પંથકમાં દેશી-વિદેશી દારૂનું ધૂમ વેચાણ, પોલીસતંત્ર મૌન

અમરેલી,તા.૦૩

અમરેલી જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી દેશી- વિદેશી દારૂનું ધૂમ વેચાણ થઈ રહ્યું છે. જેમાં ખાસ કરીને લીલીયા પંથકમાં જાણે દેશી વિદેશી દારૂનું હબ હોય તેમ બેરોકટોક વેચાણ થઈ રહ્યું હોવાથી આ બાબતે ભૂતકાળમાં અનેકવાર પોલીસ અધિકારીઓ સમક્ષ રજૂઆત કરવામાં આવી છે આમ છતાં રજૂઆત કરનારા સામે જ આક્ષેપો કરી પોલીસ અધિકારીઓને છાવરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે ત્યારે ફરી એકવાર જિલ્લા પંચાયત સદસ્ય વિપુલભાઈ દુધાત દ્વારા મુખ્યમંત્રીને રજૂઆત કરવામાં આવી છે કે આઈપીએસ અધિકારી હસમુખ પટેલના



અધ્યક્ષ સ્થાને તપાસ કમિટીની રચના કરી દેશી-વિદેશી દારૂના વેચાણ બાબત તપાસ કરી

**આઇપીએસ અધિકારી હસમુખ પટેલની અધ્યક્ષતામાં તપાસ કમિટીની રચના કરવામાં આવે તેવી વિપુલ દુધાતની માંગ**

તેમાં સંડોવાયેલા અધિકારીઓ અને રાજકીય લોકો સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેમ અંતમાં જિલ્લા પંચાયત સદસ્યએ જણાવ્યું હતું.

# ચોરીના મોબાઈલ ફોન સાથે ઈસમની ધરપકડ

અમરેલી,તા.૦૩

અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. વી.એમ. કોલાદરાની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમને સફળતા મળેલ છે. આરોપી અનવરહુસેન જમાલશા શેખ, ઉ.વ.૫૩, (રહે.સાવરકુંડલા, કાપડીયા સોસાયટી) પાસેથી અંદાજે ૨૧ હજારની કિંમતનો એક VIVO કંપનીનો Y 75 મોડલનો



એન્ડ્રોઈડ મોબાઈલ જપ્ત કરવામાં આવેલ છે. આ મોબાઈલ ફોનની ચોરીની ઈ-એફઆઈઆર દાખલ થઈ હતી.

# સાવરકુંડલા શહેરની મધ્યમાં આવેલી પોસ્ટ ઓફિસ ખાલી કરવા પાલિકાની નોટિસ

અમરેલી,તા.૦૩

સાવરકુંડલા શહેરના હૃદય સમા વિસ્તારમાં આવેલી પોસ્ટ ઓફિસ છેલ્લા સાત દાયકાથી કાર્યરત છે. પરંતુ, પોસ્ટ ઓફિસના બિલ્ડિંગમાં છતમાંથી પાણી ટપકવા જેવી નાની સમસ્યાના સમારકામ કરવાના બદલે, તેને ખાલી કરાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. શરૂઆતમાં



નગરપાલિકા દ્વારા આ પ્રશ્ન તાલુકા સંકલન સમિતિમાં રજૂ કરાયો હતો અને ત્યારબાદ પોસ્ટ વિભાગને બિલ્ડિંગ ખાલી કરવાની નોટિસ પણ પાઠવવામાં આવી હતી. આ નોટિસમાં "જરૂર પડે તો મરામત કરવી" અથવા "જર્જરિત ભાગ ઉતારી લેવા" જેવી ગોળગોળ વાતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જો આ પોસ્ટ ઓફિસનું સ્થળાંતર થશે તો શહેરીજનોને મધ્યવર્તી વિસ્તારમાં મળતી આ મહત્વની સુવિધાથી વંચિત રહેવું પડશે.

# અમરેલી-બગસરામાં હળવા વરસાદી ઝાપટા, સારા વરસાદની રાહ

અમરેલી,તા.૦૩

અમરેલી શહેરમાં સવારથી જ વાતાવરણ વાદળછાયું રહ્યું હતું અને કાળા ડિબાંગ વાદળો છવાયા હતા, પરંતુ બપોરે હળવા વરસાદી ઝાપટા પડ્યા હતા. જોકે, ક્યારેક ઝરમર વરસાદ જરૂર વરસ્યો હતો. આવી જ સ્થિતિ સમગ્ર જિલ્લામાં પણ જોવા મળી હતી. બગસરામાં ૩ મીમી ઝાપટા પડ્યા હતા. જિલ્લાના બાકીના કોઈ પણ વિસ્તારમાં નોંધપાત્ર વરસાદ થયો નહોતો. બગસરામાં અત્યાર સુધીમાં આ સિઝનનો કુલ ૧૦ ઈંચ વરસાદ થઈ ચૂક્યો છે. બીજી તરફ, ખેડૂતો હાલ ખેતરોમાં નિંદામણ અને ખાતર આપવાનું કામ કરી રહ્યા છે. આ સમયગાળો પાક માટે અત્યંત મહત્વનો હોવાથી ખેડૂતો આ કામગીરીમાં વ્યસ્ત છે.

# ધારીના દલખાણીયા ગામે આવેલી નદીમાં મગર દેખાતા ગ્રામજનોમાં ભય

અમરેલી તા ૦૩

ધારી તાલુકાના ગીરકાંઠા એવા દલખાણીયા ગામે આવેલી એક નદીમાં મગરનો વસવાટ હોવાની ગ્રામજનોને જાણ થતા ગ્રામજનોમાં ભયનો માહોલ છવાયો હતો. આ બાબતે ગ્રામજનોએ તાત્કાલિક રેસ્ક્યુ વિભાગને જાણ કરતાં તેઓ પણ તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા. દલખાણીયા ગામે આવેલી



નદીમાં છેલ્લા ઘણા સમયથી મગરે વસવાટ કર્યો હોય તેમ મગરને ગ્રામજનોએ જોતા જ આ બાબતે અરવિંદભાઈ માલણીયાએ ફોરેસ્ટ વિભાગના રેસ્ક્યુની કામગીરી કરતા નાનુભાઈ બ્લોચને જાણ કરતા નાનુભાઈ બ્લોચ તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા અને નદીનું નિરીક્ષણ કરી જણાવ્યું હતું કે નદીમાં જો મગરનો વસવાટ હોય તો નદીમાં કપડાં ધોતી વખતે કે સ્નાન કરતી વખતે સાવચેત રહેવું અને બાળકોને નદીથી દૂર રાખવા જેવી અનેક સૂચનાઓ ગ્રામજનોને આપી હતી.

# ૧૨૦ ખેલાડીઓ સાથે રાજુલામાં જિલ્લાકક્ષાની સ્કેટીંગ સ્પર્ધા યોજાઈ



અમરેલી,તા.૦૩

રાજુલામાં ૬૯મી અખિલ ભારતીય શાળાકીય રમતોત્સવ અંતર્ગત જિલ્લાકક્ષાની સ્કેટિંગ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ૧૦ તાલુકાના ૧૨૦ જેટલા ખેલાડીઓએ ભાગ લીધો હતો. બે દિવસ આ સ્પર્ધા ચાલી હતી. રાજુલાના બીએપીએસ સ્વામિનારાયણ મંદિર પરિસરમાં આ સ્કેટિંગ સ્પર્ધા યોજાઈ હતી.

# ચિતલ ગામે હાઈસ્કૂલમાં વિદ્યાર્થીઓને સાયબર ફ્રોડથી બચવા સમજણ અપાઈ

અમરેલી,તા.૦૩

ચિતલ ગામે હાઈસ્કૂલના વિદ્યાર્થીઓને સાયબર ફ્રોડથી બચવા માટે સમજણ આપવામાં આવી હતી. અહીં સાયબર ક્રાઈમ જાગૃતિ સેમિનાર યોજાયો હતો. અમરેલી પોલીસ દ્વારા સાયબર ક્રાઈમ અંગે લોકોમાં જાગૃતિ આવે તે માટે જુદા જુદા કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. ત્યારે ચિતલ ગામે હાઈસ્કૂલ ખાતે વિદ્યાર્થીઓને સાયબર ક્રાઈમ પ્રિવેન્શન લગત માહિતી આપવા માટે સાયબર ક્રાઈમ



અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને હાલમાં બની રહેલા સાયબર ફ્રોડ જેવા કે ન્યૂડ વીડિયો કોલ, એપીકે ફાઈલ ફ્રોડ, ઉંચા વળતરના નામે થતા ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડ વિગેરેથી બચવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# સાવરકુંડલા સ્વામિનારાયણ ગુરૂકુળ દ્વારા ૩૩૮મો નેત્ર નિદાન કેમ્પ યોજાયો

સાવરકુંડલા,તા.૦૩

શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સાવરકુંડલા દ્વારા મોતિયાના દર્દથી પીડાતા દર્દીઓને ધ્યાનમાં રાખી શુક્રવારના રોજ શાસ્ત્રી સ્વામી જ્ઞાનપ્રસાદદાસજીની પાવન સ્મૃતિમાં ૩૩૮મા નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિરનગર હોસ્પિટલના સુપર સ્પેશ્યાલીસ્ટ ડોકટરો દ્વારા ૮૮ જેટલા મોતિયાના દર્દીઓની તપાસ



કરવામાં આવી, જેમાંથી કુલ ૧૮ જેટલા દર્દીઓને મોતિયાના ઓપરેશનની જરૂર હોય એમને સંસ્થા દ્વારા વિનામૂલ્યે ઓપરેશન તેમજ સારવાર આપવામાં આવી હતી. અને જે દર્દીઓને ચશ્મા અને દવાઓની જરૂર હતી એમને સંસ્થા દ્વારા વિનામૂલ્યે ચશ્મા તેમજ દવાઓ પૂરી પાડવામાં આવી હતી. નેત્રયજ્ઞનું દિપ પ્રાગટ્ય સંસ્થાના વડા પૂજ્ય શાસ્ત્રી ભગવત પ્રસાદ દાસજી સ્વામી દ્વારા કરવામાં આવ્યું હતું.

# ધારીના ખીચા અને ફતેગઢ ગામના ખેડૂતોએ વીજ કચેરીએ જઈ ઉગ્ર રજૂઆત કરી

ધારી,તા.૦૩

ધારી પંથકમાં છેલ્લા ઘણા સમયથી ખેતીવાડીમાં અનિયમિત વીજ પુરવઠો મળતો હોવાથી ખેડૂતોમાં ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે ત્યારે ફતેગઢ અને ખીચા ગામના ખેડૂતો રજૂઆત માટે ધારી વીજ કચેરીએ ધસી ગયા હતા. ફતેગઢ અને ખીચા ગામના ખેડૂતોએ ટોળા



સ્વરૂપે વીજ કચેરીએ જઈ રજૂઆત કરી હતી કે ખેતીવાડી વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી અનિયમિત વીજ પુરવઠો મળી રહ્યો છે જેના કારણે ખેત મોલાતને ભારે નુકસાન થઈ રહ્યું છે. ૮ કલાકની વીજળીમાં પાવર ટ્રીપીંગને કારણે અને અનેકવાર વીજકાપનો સામનો કરવો પડે છે. જોકે નાયબ ઈજનેરે ખેડૂતોની વ્યથા સાંભળી સમસ્યાના નિરાકરણની ખાતરી આપતા ખેડૂતોએ અધિકારીનો આભાર માન્યો હતો.







# અમરેલી જિલ્લામાં મહિલા સુરક્ષા દિવસની ઉજવણી કરવામાં આવી

અમરેલી,તા.૦૩

અમરેલી જિલ્લા મહિલા અને બાળ કચેરી દ્વારા શુક્રવારના રોજ મહિલા સુરક્ષા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ધારી તાલુકા પંચાયત પ્રમુખ ઘનશ્યામભાઈ હિરપરાના અધ્યક્ષ સ્થાને જીરા ગામ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં મહિલાઓને ઘરેલુ હિંસા અધિનિયમ-૨૦૦૫ અંગે કાયદાકીય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. મહિલા સુરક્ષા દિવસની ઉજવણી નિમિત્તે અમરેલી મહિલા પોલીસ સ્ટેશન દ્વારા અમરેલી સ્થિત મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજ ખાતે



મહિલા સુરક્ષા, મહિલા હેલ્પલાઈન ૧૮૧ સહિત વિવિધ વિષયક જાગૃત્તિ કાર્યક્રમ યોજાયો હતો. નારી વંદન ઉત્સવ અન્વયે અમરેલી જિલ્લાની વિવિધ શાળાઓમાં મહિલા સુરક્ષા દિવસ નિમિત્તે કરાટે, વ્યાયામ તેમજ વિવિધ ક્ષેત્રમાં સિદ્ધિ મેળવી હોય તેવી વિદ્યાર્થિનીઓને સન્માનિત કરી પ્રોત્સાહિત કરવામાં આવી હતી.

## સિંહ-દીપડાના હુમલા બાદ હવે જાફરાબાદ પંથકમાં શિયાળનો આતંક વધ્યો

# છેલણા ગામે શિયાળે હુમલો કરતા ત્રણ લોકો ઘાયલ, મહિલા ગંભીર

**મહિલાને ગંભીર હાલતમાં ભાવનગર બાદ અમદાવાદ સારવાર માટે ખસેડવામાં આવી**

જાફરાબાદ,તા.૦૩

જાફરાબાદ તાલુકાના છેલણા ગામની સીમમાં એક હડકાયા શિયાળે ભારે આતંક મચાવ્યો હતો. આ શિયાળે એક મહિલા સહિત ત્રણ વ્યક્તિઓ પર હુમલો કર્યો હતો. હુમલામાં મહિલા હંસાબેન ઝીણાભાઈ સોલંકીને મોઢા અને આંખના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. મહિલાની બૂમો સાંભળીને આસપાસના ખેડૂતો મદદે દોડી આવ્યા હતા. આ ઘટનામાં ત્રણ લોકોને બચકા ભર્યા બાદ શિયાળનું મૃત્યુ થયું હતું. આ ઘટનાની જાણ થતાં જ વન વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને મૃત શિયાળનો કબ્જો લઈ તપાસ શરૂ કરી હતી. હુમલામાં ગંભીર રીતે ઘાયલ થયેલા હંસાબેન સોલંકીને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, પરંતુ તેમની હાલત ગંભીર જણાતાં તેમને વધુ સારવાર માટે અમદાવાદ રિફર કરવામાં આવ્યા છે. જાફરાબાદ વિસ્તારમાં સિંહ, દીપડા, નીલગાય અને શિયાળ જેવા જંગલી પ્રાણીઓ મોટા પ્રમાણમાં વસવાટ કરે છે, પરંતુ શિયાળ દ્વારા આ પ્રકારનો


તસવીર : બાબુભાઈ વાટેળ

હુમલો થવાની આ પહેલી ઘટના સામે આવી છે. આ ઘટનાને કારણે સ્થાનિક લોકો અને ખાસ કરીને સીમ વિસ્તારમાં કામ કરતા લોકોમાં ભય અને ચિંતાનો માહોલ ફેલાયો છે. સિંહ અને દીપડાના હુમલાઓ બાદ હવે હડકાયા શિયાળનો આતંક પણ શરૂ થયો છે, જે સ્થાનિક લોકો માટે નવી મુશ્કેલી બની ગયો છે. વન્યપ્રાણીઓ દ્વારા થતા હુમલાઓથી બચવા માટે સ્થાનિક વહીવટી તંત્ર અને વન વિભાગ દ્વારા જરૂરી પગલાં ભરવામાં આવે તે આવશ્યક છે.

**શિયાળ હડકાયુ કઈ રીતે થયું? તપાસનો વિષય**

મોટા ભાગે શ્વાન હડકાયા થતા હોવાના બનાવો છાશવારે બનવા પામે છે ત્યારે છેલણા ગામે એક શિયાળ હડકાયુ થયું હતું. ત્રણ લોકોને ઘાયલ કરવાના બનાવ બાદ શિયાળ હડકાયુ કઈ રીતે થયું તેની તપાસ વન વિભાગ દ્વારા કરવામાં આવે તે જરૂરી છે. વન વિભાગ દ્વારા શિયાળના મૃતદેહનું પોસ્ટમાર્ટમ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

---

## ‘લોઠકા હોય તો આવી જાવ ખબર પડે’ તેમ પણ કહ્યું

# ડમ્પર પકડાવ્યાની શંકા રાખી પુરુષને જાનથી મારવાની ધમકી આપી

**ખાંભાના નાની ધારી ગામનો બનાવ**

ખાંભા, તા.૦૩

ખાંભાના નાની ધારી ગામે ડમ્પર પકડાવ્યાની શંકા રાખી પુરુષને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. બનાવ સંદર્ભે ભરતભાઈ દેહાભાઈ વાળા (ઉ.વ.૫૦)એ રણજીતભાઈ ધીરૂભાઈ વાળા, ગૌતમભાઈ ધીરૂભાઈ વાળા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, રણજીતભાઈનું ડમ્પર પકડાઈ ગયું હતું. જે વાતની શંકા વહેમ રાખી આરોપીએ મોટરસાયકલ લઈ તેમના ઘરે આવી ગાળો આપી હતી. તેમજ મોટરસાયકલ તેમની સાથે અથડાવી જતા રહ્યા હતા. થોડીવાર બાદ બંને આરોપી ફોરવ્હીલ લઈ આવ્યા હતા. રણજીતભાઈ વાળાએ હાથમાં તલવાર અને ગૌતમભાઈ વાળાએ હાથમાં ભાલુ લઈ આવી ‘જો લોઠકા હોય તો આવી જાવ ખબર પડે’ તેમ કહી તેમને મારવા દોડ્યા હતા. જેથી તેમના દીકરા નિલેશભાઈ અને ભત્રીજા રણજીતભાઈ તેમને બચાવવા આડા પડતા તેમને પણ માર માર્યો હતો. ગૌતમભાઈ વાળાએ હાથમાં રહેલું ભાલુ મારતા સાહેદ રણજીતભાઈની છાતીની ડાબી બાજુએ તથા પેટમાં ડાબા પડખે ચરકા થઈ ગયા હતા. ઉપરાંત જાનથી મારી નાખવાની ધમકી આપી બંને આરોપી ફોરવ્હીલ ગાડી સ્થળ ઉપર મૂકી ભાગી ગયા હતા. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એન.પી. સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.

---

# એસ.એચ. ગજેરા MBA મહિલા કોલેજનું સેમેસ્ટર-IVમાં ૧૦૦% પરિણામ, યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાન

અમરેલી,તા.૦૩

અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત દ્વારા સંચાલિત એસ.એચ. ગજેરા એમ.બી.એ. મહિલા કોલેજે શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ના MBA સેમેસ્ટર-IVની યુનિવર્સિટી પરીક્ષામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે. કોલેજે ૧૦૦% પરિણામ સાથે ૧૦૦% ફર્સ્ટ ક્લાસ મેળવ્યો છે. આ સિદ્ધિ



બદલ, કોલેજે યુનિવર્સિટી ટોપ-૧૦માં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. કોલેજની ત્રણ વિદ્યાર્થિનીઓએ યુનિવર્સિટીના ટોચના રેન્કમાં સ્થાન મેળવીને કોલેજનું ગૌરવ વધાર્યું છે. ચૌહાણ ખુશી એ. અને ભાદાણીયા નિષ્ઠા એન. એ ૯.૦૨ SPI સાથે કોલેજમાં પ્રથમ અને દ્વિતીય સ્થાન મેળવ્યું છે, જ્યારે નવાપરીયા વિભૂતિ એસ. એ ૯.૦૦ SPI સાથે ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યું છે. અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ, સુરત અને મેનેજમેન્ટે આ ઉત્કૃષ્ટ પરિણામ બદલ વિદ્યાર્થિનીઓની મહેનતને બિરદાવી કોલેજના સ્ટાફ, વિદ્યાર્થીઓ અને રેન્કર્સને અભિનંદન પાઠવ્યા છે.

---

# બાવકુભાઈ ઉંધાડ પરિવાર દ્વારા ખોડલધામ ટ્રસ્ટ કાગવડને ૬૧ વિઘા જમીનનું દાન અર્પણ કરાયું

અમરેલી,તા.૦૩



અમરેલી જિલ્લાના લેઉવા પટેલ સમાજના અગ્રણી બાવકુભાઈ ઉંધાડ અને તેમના પરિવાર દ્વારા અમરેલી જિલ્લામાં આવેલી ૬૧ વીઘા જમીન શ્રી ખોડલધામ કાગવડ ટ્રસ્ટને અર્પણ કરવામાં આવી છે. તેમના આ નિર્ણય બદલ ખોડલધામ ટ્રસ્ટ કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલ સહિતના ટ્રસ્ટીઓએ અભિનંદન આપી સન્માન કર્યું હતું. આ તકે બાવકુભાઈ ઉંધાડે જણાવ્યું હતું કે સમાજ પ્રત્યેની મારી નિષ્ઠા અને ફરજ સમજીને આ જમીનનું દાન શ્રી ખોડલધામ ટ્રસ્ટ કાગવડને અર્પણ કરી રહ્યો છું. જમીનનું દાન આપવા બદલ ઉંધાડ પરિવાર પર સમગ્ર રાજ્યમાંથી અભિનંદનની વર્ષા થઈ રહી છે.

---

# ચલાલા પોલીસે ચોરીના મોબાઈલ સાથે યુવકને ઝડપ્યો

ચલાલા, તા.૦૩



અમરેલી એસપી સંજય ખરાતે અનડીટેક્ટ ગુનાઓ ડીટેક્ટ કરવા આપેલા માર્ગદર્શન બાદ ચલાલા પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલા મોબાઈલ ચોરીના અનડીકેટ ગુનામાં એક ઈસમને ચોરી કરેલા મોબાઈલ સાથે ઝડપી પાડયો હતો. મદદનીશ પોલીસ અધિક્ષક જયવીર ગઢવીની સૂચના અને માર્ગદર્શન હેઠળ ચલાલા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ જી.આર. વસૈયાની રાહબરી હેઠળ ચોક્કસ બાતમીના આધારે ચલાલા બસ સ્ટેન્ડ પાસેથી જાફરાબાદના ટીંબીમાં રહેતા હરેશભાઈ ભગવાભાઈ વેગડ નામના યુવકને ઝડપી પાડવામાં આવ્યો હતો. તેની પાસેથી ચોરીનો મોબાઈલ મળી આવ્યો હતો.

---

# સુરત રહેતા મૂળ ગોવિંદડી ગામના પુરુષે ગાળો આપવાની ના પાડતાં મુંઢમાર માર્યો

રાજુલા, તા.૦૩

હાલ સુરત રહેતા મૂળ ગોવિંદડી ગામના એક પુરુષે ગાળો આપવાની ના પાડતાં તેને લોખંડની ટી વડે ફટકારીને મુંઢ ઈજા પહોંચાડવામાં આવી હતી. બનાવ સંદર્ભે બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી હતી. હાલ સુરતના સીતાનગરમાં વિક્રમનગર સોસાયટી, વિભાગ ૨માં રહેતા અને મૂળ ગોવિંદડી ગામના વસ્તાભાઈ કાનાભાઈ કાછડ (ઉ.વ.૫૦)એ રેખાબેન જાદવભાઈ જીંજાળા તથા કલ્પેશભાઈ જાદવભાઈ જીંજાળા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ તથા સાહેદ શામજીભાઈ સવારના આશરે અગિયારેક વાગ્યાના અરસામાં રાજુલા કોર્ટમાં મુદતે આવ્યા હતા. કોર્ટનું કામ પુરૂ કરી સવા પાંચેક વાગ્યાના અરસામાં તેના સાળા ચીથરભાઈ કરશનભાઈ નકુમ રહે. રાજુલા વાવેરા રોડ વાળાના ઘરે તેઓ તથા સાહેદ બંને ગયા હતા. આ સમયે બંને તેમનું કાળા કલરનું મોટરસાયકલ લઈને તેમના સાળાના ઘરની બહાર આવ્યા હતા. તેમને તથા સાહેદ શામજીભાઈને જેમ ફાવે તેમ ગાળો આપવા લાગ્યા હતા. જેથી તેમણે ગાળો આપવાની ના પાડતા તેમના હાથમાં રહેલી લોખંડની ટી થી તેને તથા સાહેદ શામજીભાઈને બંને પગના ભાગે ટી ના ઘા મારી મુંઢ ઈજા પહોંચાડી હતી.

જે બાદ રેખાબેન જાદવભાઈ જીંજાળા (ઉ.વ૨૩)એ પતિ શામજીભાઈ દિનેશભાઈ કાછડ તથા વસ્તાભાઈ કાનાભાઈ કાછડ સામે ફરિયાદ નોંધાવી હતી.

---

# સા.કુંડલામાં બ્રાન્ચ શાળા નં.-૪ માં ધોરણ ૭ના વિદ્યાર્થીઓ માટે ટેબ્લેટ વિતરણ કાર્યક્રમ યોજાયો

સાવરકુંડલા, તા.૦૩



સાવરકુંડલા શહેરમાં હાથસણી રોડ વોર્ડ ૫ ખાતે આવેલ બ્રાન્ચ શાળા નં. ૪ માં ધોરણ ૭ના વિદ્યાર્થીઓને દિપશાળા એનજીઓ મારફતે ટેબ્લેટ વિતરણનો કાર્યક્રમ શાળાના કર્મચારીઓ તથા અતિથિઓની ઉપસ્થિતિમાં યોજાયો હતો. કાર્યક્રમનો પ્રારંભ દીપ પ્રાગટય સાથે થયો હતો. આ અવસરે વોર્ડ નંબર પાંચના નગરપાલિકા સદસ્ય કેશવભાઈ બગડા અને નગરપાલિકા સદસ્ય પતિ કરશનભાઈ આલની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે સમગ્ર શાળાના કર્મચારીઓ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

---

# દિપશાળા પ્રોજેક્ટ અંતર્ગત દામનગર કન્યાશાળામાં ધો.૭ની વિદ્યાર્થિનીઓને ટેબ્લેટ વિતરણ કરાયું

અમરેલી,તા.૦૩

અમેરિકન ઈન્ડિયા ફાઉન્ડેશન (AIF) દ્વારા દિપશાળા પ્રોજેક્ટ અંતર્ગત દામનગર પ્રાથમિક કન્યાશાળા ખાતે તા.૨/૮/૨૦૨૫ ના રોજ ધોરણ-૭ની વિદ્યાર્થિનીઓ માટે ટેબ્લેટ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. અમેરિકા સ્થિત દાતા ભરતભાઈ દેસાઈ કે જેઓ અમરેલી જિલ્લાના વતની છે તેમના દ્વારા આ પ્રોજેક્ટનું મોનીટરીંગ થઈ રહ્યું છે. ટેબ્લેટ વિતરણના આ કાર્યક્રમમાં




સી.આર.સી. દિલીપભાઈ પરમાર, શાળાના આચાર્ય મહેન્દ્રભાઈ ઓઝા, કો-ઓર્ડીનેટર અમિતભાઈ પરમાર, એસ.એમ.સી. અધ્યક્ષ ઉષાબેન સોલંકી, સભ્યો કનુભાઈ પરમાર, રજનીભાઈ ગોહિલ અને ધોરણ-૭ માં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓ સાથે તેમના વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---




## અવસાન નોંધ

**સાવરકુંડલા**

જીણીબેન રાણાભાઇ જોગસ્વા (ઉ.વ.૫૨) તે રાણાભાઇ રત્નાભાઇ જોગસ્વાના પત્ની, દિનેશભાઈ રાણાભાઇ જોગસ્વા, હરિભાઈ રાણાભાઇ જોગસ્વા, મુકેશભાઈ રાણાભાઇ જોગસ્વાના માતાનું તા.૧/૮/૨૫ ને શુક્રવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૪/૮/૨૫ ને સોમવારના રોજ ૪ થી ૬ કલાકે અમારા નિવાસ સ્થાન જૂના ગાધકડા રોડ, ગણેશ નગર સોસાયટી ભરવાડ શેરી મોમાઈ પરા વિજયનગર રોડ ગણેશ સોસાયટી સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

રાધાબેન લવજીભાઈ કારેણા (ઉ.વ.૮૫) તે ધીરુભાઈ લવજીભાઈ કારેણા, શંભુભાઈ લવજીભાઈ કારેણા, અરવિંદભાઈ લવજીભાઈ કારેણાના માતાનું તા.૨/૮/૨૫ ને શનિવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે સદગતનું બેસણું તા.૪/૮/૨૫ ને સોમવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે શિવાજી નગર માધવાણીની વાડી સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

મનુભાઈ છગનભાઇ બારૈયા (ઉ.વ.૭૫) તે પ્રવિણભાઇ મનુભાઈ બારૈયા, જીતુભાઈ મનુભાઈ બારૈયા, હરેશભાઈ મનુભાઈ બારૈયા, વિપુલભાઈ મનુભાઈ બારૈયાના પિતાશ્રીનું તા.૧/૮/૨૫ ને શુક્રવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૪/૮/૨૫ ને સોમવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે આંખની હોસ્પિટલ હાથસણી રોડ કૃષ્ણગોપાલ સોસાયટી સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

બાબુભાઈ વીસાભાઈ શેલાર (ઉ.વ.૫૬)નું તા.૧/૮/૨૫ ને શુક્રવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૪/૮/૨૫ ને સોમવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે નાઈ જ્ઞાતિ સમાજની વાડી (એલ.જી વાડી) જકાતનાકા પાસે સાવરકુંડલા ખાતે રાખેલ છે.



# સા.કુંડલામાં તાલુકા પંચાયત ખાતે પીએમ કિસાન ઉત્સવ અંતર્ગત ખેડૂતોને રૂ. ૫.૬૨ કરોડથી વધુની સહાય ચૂકવાઈ

સાવરકુંડલા, તા.૦૩

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ રાષ્ટ્રીય કક્ષાના 'પ્રધાનમંત્રી કિસાન ઉત્સવ દિવસ' કાર્યક્રમ અંતર્ગત વારાણસી ખાતેથી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાના ૨૦મા હપ્તા પેટે સમગ્ર દેશના ૯.૭૦ કરોડથી વધુ ખેડૂતોને કુલ રૂ. ૨૦,૫૦૦ કરોડથી વધુની સહાયનું DBTના માધ્યમથી વિતરણ કર્યું હતું. સાવરકુંડલા તાલુકાના ૨૮૧૩૭થી વધુ ખેડૂતોને



કુલ રૂ. ૫.૬૨ કરોડથી વધુની સહાય સીધી તેમના બેન્ક ખાતામાં ચૂકવવામાં આવી હતી. આ ઉપરાંત સાવરકુંડલા તાલુકામાં ખેતીલક્ષી ટ્રેક્ટર યોજનાના ૩૯૩ અને ફાર્મ મિકેનાઈજેશન યોજના હેઠળ ૯૧૧ જેવા કે રોટાવેટર, દંતાળ, થ્રેસર, પાવરટીલર જેવા વિવિધ ખેતીલક્ષી સાધનો માટે મળીને કુલ ૧૩૦૪ ખેડૂત લાભાર્થીઓને તાલુકા પંચાયત પ્રમુખ જીતુભાઈ કાછડીયા તેમજ તાલુકાના મહાનુભાવોના હસ્તે મંજૂરીપત્રક વિતરણ કરવામાં આવ્યા. આ તકે નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, તાલુકા ભાજપ પ્રમુખ રજનીભાઈ ડોબરિયા, જયસુખભાઈ સાવલીયા, સમિતિ ચેરમેન ઈલાબેન નાકરાણી સહિત ઉપસ્થિત રહ્યા હતા.

# લાઠીના તાજપર ગામે સીસી રોડનું ખાતમુહૂર્ત થતા ગ્રામજનોમાં આનંદ

અમરેલી,તા.૦૩

**સી.સી. રોડના નિર્માણથી ગામના લોકોને અવરજવરની સુવિધામાં વધારો થશે**

લાઠીના તાજપર ગામમાં અંદાજિત ૭૦ લાખના ખર્ચે નિર્માણ થનારા સી.સી. રોડનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. આ વિકાસકાર્ય ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના નેતૃત્વ હેઠળ હાથ ધરવામાં આવ્યું છે, જેનો મુખ્ય ઉદ્દેશ ગામના આંતરિક માર્ગોને સુવિધાયુક્ત બનાવવાનો



છે. આ પ્રસંગે ખાતમુહૂર્તનો કાર્યક્રમ જિલ્લા પંચાયતના સદસ્ય જીતુભાઈ ડેર અને સરપંચ વિજયભાઈ બારડના હસ્તે કરવામાં આવ્યો હતો. આ સી.સી. રોડના નિર્માણથી ગામના લોકોને અવરજવરની સુવિધામાં મોટી રાહત મળશે. કાર્યક્રમમાં ગામના અગ્રણીઓ, પંચાયતના સભ્યો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. સૌએ આ વિકાસકાર્ય બદલ સાંસદ તેમજ ધારાસભ્યનો આભાર વ્યક્ત કર્યો હતો.

# સાવરકુંડલામાંથી મોબાઈલ ચોરાયો

**અજાણ્યો ઈસમ મોબાઈલ ફોન ચોરી કરીને ફરાર થઈ ગયો**

સાવરકુંડલા, તા.૦૩

સાવરકુંડલામાં રહેતા હરેશભાઈ મનસુખભાઈ (ઉ.વ.૧૯)એ જાહેર કર્યા મુજબ, તેમના ભાઈ મજૂરીકામ માટે ભુવા રોડે ગયા હતા. ત્યાં તેઓ કાટમાળ ફેરવવાનું કામ કરતા હતા. સાંજના પાંચ વાગ્યે ફોન બાજુમાં મુક્યો હતો અને કાટમાળથી ટ્રેક્ટરની લારી ભરતા હતા. લારી ભરીને પરત આવીને જોયું તો તેમના ભાઈનો મોબાઈલ ફોન અજાણ્યો ચોર ઈસમ ચોરી કરીને ફરાર થઈ ગયો હતો. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એન. એન. ખસતીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# બગસરા ભાજપના પૂર્વ તાલુકા પ્રમુખ સહિત કાર્યકર્તાઓ આમ આદમી પાર્ટીમાં જોડાયા

બગસરા તા.૦૩

બગસરા તાલુકાના મોટા મુંજીયાસર ખાતે આમ આદમી પાર્ટીની સભામાં પૂર્વ તાલુકા ભાજપ પ્રમુખ સહિત મોટી સંખ્યામાં ભાજપના કાર્યકર્તાઓ આપમાં જોડાઈ ગયા હતા. બગસરા તાલુકાના મોટા મુંજીયાસર ગામે આમ આદમી પાર્ટીની સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં



ભાજપથી નારાજ થયેલા કાર્યકર્તાઓને મોટી સંખ્યામાં આમ આદમી પાર્ટીમાં જોડવામાં આવ્યા હતા. આમ આદમી પાર્ટીના કાંતિભાઈ સતાસિયાના જણાવ્યા અનુસાર આ સભામાં પૂર્વ તાલુકા ભાજપ પ્રમુખ રમેશભાઈ સતાસિયા સહિત ૧૭૬ ભાજપના કાર્યકર્તા તથા ચાર કોંગ્રેસના કાર્યકર્તા મળીને કુલ ૧૮૦ આગેવાનોએ આમ આદમી પાર્ટીમાં પ્રવેશ મેળવ્યો હતો. આ સભામાં પૂર્વ તાલુકા ભાજપ પ્રમુખ રમેશભાઈ સતાસિયાએ ભારતીય જનતા પાર્ટીને યુવાનોને ડ્રગ્સ તરફ લઈ જતી પાર્ટી ગણાવી વહેલી તકે તેને વિદાય આપી વિસ્તારને નશામુક્ત કરવા માટે જણાવ્યું હતું.

# સાવરકુંડલામાં જાહેર રોડ પર વરલી મટકાનો જુગાર રમાડતો ઈસમ ઝડપાયો

સાવરકુંડલા, તા.૦૩

**ફુલ ૨૦,૮૩૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત**

સાવરકુંડલામાં જાહેર રોડ પરથી વરલી મટકાનો જુગાર રમતાં ઈસમો ઝડપાયા હતા. અલારખભાઈ નનુભાઈ રાઠોડ, છગનભાઈ નાનજીભાઈ વાઘેલા તથા રફીકભાઈ રીક્ષા ગેરેજવાળા જાહેરમાં રોડ પર વરલી મટકાના આંક ફરકના આંકડા લખી વરલી મટકાના આંક ફરકાના આંકડા લખતા ઝડપાયા હતા. પોલીસે આંકડા લખેલા ડાયરી, એક મોબાઈલ તથા રોકડા ૧૦૮૩૦ મળી કુલ ૨૦,૮૩૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.એલ. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં લોનના હપ્તા ન ચૂકવી શકતાં પુરુષે ઝેરી દવા પીતાં મોત

અમરેલી, તા.૦૩

**જિલ્લામાં ત્રણ લોકોએ વિવિધ કારણથી જીવન ટૂંકાવ્યું**

અમરેલી જિલ્લામાં ત્રણ લોકોએ વિવિધ કારણોસર જીવન ટૂંકાવ્યું હતું. અમરેલીમાં કસ્બાવાડમાં રહેતા સઈદભાઈ યુસુફભાઈ શેખ (ઉ.વ.૨૨)એ જાહેર કર્યા મુજબ, યુસુફભાઈ અલારખભાઈ શેખ (ઉ.વ.૬૩) એ બેંક લોન તથા બીજા ઉછીના પૈસા લીધા હતા. જેના હપ્તા ચૂકવી ન શકતાં ઝેરી પાવડર પીતાં મોત થયું હતું. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ.વાય. કાઝી વધુ તપાસ કરી રહ્યા છે. અમરેલીમાં જેસીંગપરામાં રહેતા કરણભાઈ રાકેશભાઈ ચંગોત્રા (ઉ.વ.૨૪)એ જાહેર કર્યા મુજબ, રાકેશભાઈ જનકરાજ ચંગોત્રાએ અગમ્ય કારણોસર ઝેરી પાવડર પીતાં સારવાર દરમિયાન મોત થયું હતું. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ. બી. સૈયદ વધુ તપાસ કરી રહ્યા છે. રાજુલામાં રહેતા રાજુભાઈ બચુભાઈ મીઠાણી (ઉ.વ.૫૫)એ જાહેર કર્યા મુજબ, રેનીશભાઈ રાજુભાઈ મીઠાણી (ઉ.વ.૨૫)એ અગમ્ય કારણોસર રૂમની અંદર પોતાની મેળે પંખા સાથે દોરડું બાંધી ગળાફાંસો ખાઈ લેતા મરણ પામ્યા હતા. રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.વી. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# ખાંભાના જીવાપર ગામે દંપતી ઉંઘતું રહ્યું અને ચોર ૧૫,૦૦૦ રોકડા ચોરી ફરાર થઈ ગયો

ખાંભા, તા.૦૩

**શેઠે આપેલો રૂપિયાનો થેલો ઠેલ પર મુક્યા હતો**

ખાંભાના જીવાપર ગામે વાડીએ એક દંપતી ઉંઘતુ રહ્યું હતુ અને ચોર ઈસમ રોકડા ૧૫,૦૦૦ ચોરી કરીને ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે મૂળ મધ્યપ્રદેશના ધાર જિલ્લાના અને હાલ જીવાપર ગામે વાડીએ રહી મજૂરી કરતાં જગદીશભાઈ અંબારામભાઈ અજનાર (ઉ.વ.૩૯)એ રમેશભાઈ વાલજીભાઈ પરમાર સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ, તેના પત્ની અલગ અલગ રૂમમાં સુતા હતા. તેમના શેઠે આપેલા રૂપિયા ૧૫,૦૦૦ થેલામાં મૂકી તેમના બાળકો સુતા હતા તે રૂમમાં થેલો ઠેલ પર મુક્યો હતો. ચોર ઈસમ દરવાજાનો ભોગળ બહારથી ખોલી રૂમમાં ગેરકાયદે પ્રવેશ કરી ઠેલ પરથી થેલામાં રાખેલા ૧૫,૦૦૦ની ચોરી કરી નાસી ગયો હતો.

# સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાં શાંતિ સમિતિની મિટિંગ યોજાઈ

સાવરકુંડલા તા. ૦૩

સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશન ખાતે આગામી તહેવારો ઉર્ષ તેમજ જન્માષ્ટમી, ગણેશોત્સવ સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં ઉજવાય એવી અપેક્ષા સાથે શાંતિ સમિતિની શહેરના આગેવાનો સાથે મિટિંગ યોજાઈ હતી. સાવરકુંડલા ટાઉન ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર એચ. એમ. અગ્રાવત દ્વારા આજે



શાંતિ સમિતિની મિટિંગ યોજાઈ હતી. જેમાં આગામી દિવસોમાં આવતા તહેવારો શાંતિમય ઉજવાય તેમજ કોમી એકતા જળવાઈ રહે તેવી આગેવાનોને અપીલ કરી હતી. તેમજ આગેવાનો દ્વારા તહેવાર શાંતિમય તેમજ સાથ સહકારથી ઉજવશે તેવી ખાત્રી આપવામાં આવી હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: દશમ
તા. ૦૪-૦૮-૨૦૨૫, સોમવાર, સૂર્યોદય-૦૫:૪૩,
સૂર્યાસ્ત-૦૭:૧૦, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: અનુરાધા

## દૈનિક રાશિફળ

તા.૦૪-૦૮-૨૦૨૫ સોમવાર

મેષ: આજે તમારા માટે ખુશી અને શાંતિનો દિવસ રહેશે. મિત્રો અને પરિવાર સાથે મનોરંજન માટે પર્યટન સ્થળોની મુલાકાત લેવાની તક મળશે.

વૃષભ: આજે ફળદાયક દિવસ હોવાથી તમને શારીરિક અગવડતાનો અનુભવ થઈ શકે છે. હવામાન સતત બદલાતું રહે છે, તમારા સ્વાસ્થ્યનું ધ્યાન રાખો.

મિથુન: આજે તમારો દિવસ સાધારણ લાભકારક રહેશે. વધારે મહેનતને લીધે તમે થાક અનુભવો છો. સરકારી કામમાં ભાગદોડ પછી સફળતા મળશે.

કર્ક: આજે તમને મિશ્ર પરિણામ મળશે. સવારથી તમે શારીરિક થાક અને નબળાઇનો અનુભવ કરશો, જે આળસમાં વધારો કરશે.

સિંહ: તમારા માટે આજનો દિવસ મહેનતનો રહેશે. સખત મહેનત બાદ પણ કામમાં મોડું થતા નિરાશા વધી શકે છે. દિવસનો મોટાભાગનો સમય અશાંત રહેશે.

કન્યા: કોઈપણ પ્રકારનું જોખમ લેવા માટે સમય સારો છે. જો તમે રોકાણ અથવા રિયલ એસ્ટેટની ડીલ કરવાનું વિચારી રહ્યા છો તો આગળ ચર્ચા કરો.

તુલા: જો તમારા પૈસા કોઈ યોજના અથવા યોગ્ય રોકાણ માટે ખર્ચ કરવામાં આવી રહ્યા છે તો તે વધુ સારું છે, અત્યારે તમારે પૈસા જ્યાં છે ત્યાં રાખવા જોઈએ.

વૃશ્ચિક: આજનો દિવસ તમારા માટે અયોગ્ય દિવસ રહેશે, જ્યાં તમને લાભની અપેક્ષા છે ત્યાંથી નિરાશા મળશે. બપોર સુધીમાં કોઈ દુષ્ટતાનો ભય મનમાં રહેશે.

ધન: આજનો દિવસ શાંતિપૂર્ણ રહેશે. આધ્યાત્મિકતામાં વિશેષ રુચિ રહેશે. પૂજા અને સત્સંગનું આયોજન કરશો. તમે કોઈ શુભ ધાર્મિક યાત્રા પર પણ જઈ શકો છો.

મકર: આજનો દિવસ તમારા માટે પણ શુભ રહેશે. ઘરે સુખ-શાંતિ રહેશે. તમે દિવસભર શારીરિક અને માનસિક રીતે ફીટ રહેશો.

કુંભ: કાર્યમાં ઇચ્છિત સફળતા પ્રાપ્ત કરવામાં તમને આનંદ થશે, પરંતુ સરકારી કામ કરવા માટે આજનો દિવસ સારો નથી, મુશ્કેલીઓ વધી શકે છે.

મીન: આજનો દિવસ તમારા માટે અનુકૂળ રહેશે. દિવસભર શારીરિક અને માનસિક ઉર્જા રહેશે. તમારું સામાજિક વર્તન સારુ રહેશે.

# ધારીના મીઠાપુર નક્કી શાળામાં બાળકોને શૈક્ષણિક કિટનું વિતરણ

ધારી,તા.૦૩

ધારીના મીઠાપુર નક્કી પ્રાથમિક શાળામાં શુક્રવારે નવસારીના ત્રિલોક ફાઉન્ડેશન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા શિક્ષણ અંતર્ગત કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિવિધ મહેમાનોનું શિલ્ડ આપી સન્માન કરાયું હતું. જેમાં દલખાણીયા ગામના પત્રકાર બટુકભાઈ સોલંકીને પણ સન્માનિત કર્યા હતા. આ શાળાના



તસવીર : સંજય વાળા

દરેક બાળકોને ટ્રસ્ટ દ્વારા શૈક્ષણિક કિટ તથા જરૂરી શૈક્ષણિક સાહિત્ય આપવામાં આવ્યું હતું. મીઠાપુર ગામના જ રાહુલભાઈ મકવાણા આ શાળામાં ભણ્યા પછી નવસારીમાં ડોક્ટર તરીકેની ફરજ બજાવે છે. તો તેમણે વતનનું ઋણ ચુકવવા આ શાળા પસંદ કરી તેમાં બાળકોને કિટ આપી અને નાસ્તો કરાવ્યો હતો. આ તકે શાળાના આચાર્ય ભાવેશભાઈ જોટાણીયા, મેહુલભાઈ દેવમુરારી, ભરત મકવાણા, જનકભાઈ, ગામના સરપંચ મનીષભાઈ રાઠોડ વગેરે હાજર રહ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન મેહુલભાઈ દેવમુરારીએ કર્યું હતું.

# જાફરાબાદમાંથી પાંચ ખેલી રોકડા ૪૫૧૦ સાથે ઝડપાયા

જાફરાબાદ, તા.૦૩

જાફરાબાદમાં જુની જીઈબીના ઢાળ પાસેથી પોલીસે ચાર ખેલીને રોકડા રૂ. ૪૫૧૦ સાથે ઝડપી પાડ્યા હતા. એજાજભાઈ હુસેનભાઈ હબસી, અસલમભાઈ ઈલ્યાસભાઈ કાજી, આફિદીન ફારૂખહુસેન મોગલ, અસરફભાઈ શોખદભાઈ પઠાણ તથા સાહીલભાઈ ફારૂકભાઈ જાહેરમાં ગંજીપત્તાના પાના વડે હારજીતનો જુગાર રમતાં રોકડા ૪૫૧૦ સાથે ઝડપાયા હતા.

# વેણીવદર ગામની સીમમાંથી બાઈક ચોરાયું

અમરેલી, તા.૦૩

હાલ કમીગઢ ગામે રહેતા મૂળ મધ્યપ્રદેશના જોબટ તાલુકાના ખંડાલા ગામના મોનુભાઈ ભંગડાભાઈ અજનાર (ઉ.વ.૨૫) એ જાહેર કર્યા મુજબ, તેમનો ભાઈ વેણીદર ગામે તેના સંબંધીને મળવા ગોવિંદભાઈ પાચાણીની વાડીએ ગયો હતો. તેણે બાઈક રાત્રે જાહેર જગ્યામાં પાર્ક કર્યું હતું. જેની કોઈ અજાણ્યો ઈસમ ચોરી કરીને લઈ ગયો હતો.

# ખાંભાના નાની ધારી ગામે નવા રોડ તથા નવા સ્મશાન બાબતે રજૂઆત કરતાં કુહાડીથી હુમલો કર્યો

**પાંચ લોકો સામે પોલીસ ફરિયાદ**

ખાંભા, તા.૦૩

ખાંબાના નાની ધારી ગામે નવા રોડ તથા નવા સ્મશાન બાબતે પંચાયતમાં રજૂઆત થઈ હતી. જે બાબતનું મનદુ:ખ રાખી હુમલો કરવામાં આવ્યો હતો. ગૌતમભાઈ ધીરૂભાઈ વાળા (ઉ.વ.૨૮) એ ભરતભાઈ દેહાભાઈ વાળા, રણજીતભાઈ મનુભાઈ વાળા, નિલેશભાઈ ભરતભાઈ વાળા, ઉદયભાઈ ગભરૂભાઈ વાળા તથા ગભરૂભાઈ દેહાભાઈ વાળા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમણે ગામમાં બનતા નવા રોડ તથા નવા સ્મશાન બાબતે પંચાયતમાં રજૂઆત કરી હતી. જે બાબતનું મનદુ:ખ રાખી તેઓ તથા તેમના ભાઈ રણજીતભાઈ ફોરવ્હીલ ગાડી લઈ ગામમાં જતા હોય ત્યારે ઉભા રાખી ગાળો આપવા લાગ્યા હતા. ભરતભાઈ દેહાભાઈ વાળાએ કુહાડીથી તેના માથાના ભાગે એક ઘા માર્યો હતો. અન્ય આરોપીએ ખંભે ભાલુ માર્યું હતુ તેમજ પાઈપથી મુંઢમાર માર્યો હતો. તમામ આરોપીએ ભેગા મળી તેમની ફોરવ્હીલના આગળ પાછળના કાચ તથા ફોરવ્હીલના ટાયર ભાલા, કુહાડી વડે તોડી નાખી આશરે રૂ.૩૫,૦૦૦નું આર્થિક નુકસાન કર્યું હતું. તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એન.પી. સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.

# વડીયામાં કોમી એકતાની અનોખી મિસાલ જોવા મળી

વડીયા, તા.૦૩

વડીયા સુન્ની મુસ્લિમ સમાજ અને વડીયાના મુસ્લિમ વેપારી મિહિરભાઈ સુમરા કમલ બેકરી વાળા દ્વારા વડીયા રામજી મંદિરનું નવનિર્માણ કરવામાં અનુદાન આપી કોમી એકતાની મિસાલ કાયમ કરી હતી. વડીયા વોર્ડ નં. ૬ હવેલી શેરીમાં આવેલ " રામજી મંદિર " ના જીર્ણોદ્ધાર એટલે નવીનીકરણનું કામ ચાલુ છે ત્યારે વડીયા સુન્ની મુસ્લિમ સમાજ અને વડીયાના મુસ્લિમ વેપારી મિહિરભાઈ સુમરા



કમલ બેકરી વાળા તરફથી હિન્દુ મુસ્લિમ એકતાનું મજબૂત ઉદાહરણ આપી અનુદાન કરવામાં આવ્યું હતું. જેમાં વડીયા ગ્રામ પંચાયતના સરપંચ મનિષભાઈ ઢોલરિયા, વડીયા વોર્ડ નં. ૬ ના સભ્ય જુનેદ ડોડીયા, વડીયાના વેપારી મુસ્લિમ અગ્રણી મિહિરભાઈ સુમરા, મુસ્લિમ અગ્રણી મહમદભાઈ કંદોઈ સુમરા, ભીખાભાઈ પંડ્યા, રઝાકભાઈ શાહમદાર વગરે લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## તંત્રી લેખ

# સત્તાના ચાર વર્ષ બાદ પણ અફઘાનિસ્તાનની દયનીય સ્થિત

૧૫ મી ઓગસ્ટે અફઘાનિસ્તાનમાં તાલિબાનની સત્તાના ચાર વર્ષ પૂરા થાય છે ત્યારે આ દેશમાં વિકાસ નહીં પરંતુ વિનાશ વધુ થયો છે. લોકો ભયંકર રીતે ભૂખમરો ભોગવી રહ્યા છે.

તાલિબાનના શાસનમાં અફઘાનિસ્તાનની હાલત દિન-પ્રતિદિન ખરાબ થતી જાય છે. મહિલાઓને પુરુષ સંગાથ વિના બહાર નીકળવાની મનાઈ છે, હોટલમાં જમવા જવા પર પ્રતિબંધ છે અને બગીચાઓમાં પણ સ્ત્રી-પુરુષ માટે અલગ સમય નક્કી કરવામાં આવ્યો છે. દુકાનો પર મહિલાઓના ચિત્રો લગાવવા પર પાબંદી છે, બ્યુટીપાર્લર જેવી મૂળભૂત સુવિધાઓ પણ સપના બની ગઈ છે. છોકરીઓ માટે શિક્ષણ પર પ્રતિબંધને કારણે ૧૪ લાખ બાલિકાઓ શાળાથી વંચિત છે. આર્થિક સંકટ અને ભૂખમરો વધતો જાય છે. વર્લ્ડ બેંકના અંદાજ મુજબ, દેશનો વિકાસ માઈનસમાં જશે. ત્રીજા ભાગની વસ્તી ફક્ત ચા-રોટલી પર ગુજારો કરે છે. બેકારી અને મોંઘવારી વધી છે, પણ તાલિબાન આ બધા માટે અમેરિકાના પ્રતિબંધોને જ જવાબદાર ઠેરવે છે. અન્ય દેશો સાથેના વ્યવહારમાં અવરોધોને કારણે ખનીજ સંપત્તિ હોવા છતાં લોકો ગરીબીમાં જીવે છે. ચીન જેવા દેશો ફક્ત આર્થિક લાભ માટે જ તાલિબાન સાથે સંપર્કમાં છે. તાલિબાનની અક્ષમતા અને પાકિસ્તાન સાથે તણાવ પણ એક કારણ છે. તાલિબાનને દેશ ચલાવવાનો અનુભવ નથી. પાકિસ્તાન સાથે સરહદ પર અથડામણો વધી રહી છે. પાકિસ્તાન આરોપ મૂકે છે કે તાલિબાન આતંકવાદીઓને આશ્રય આપે છે, જ્યારે તાલિબાન આરોપોને નકારે છે.

અફઘાનિસ્તાનનું ભવિષ્ય અંધકારમય છે. તાલિબાનની કઠોર નીતિઓ, આર્થિક પતન અને આંતરરાષ્ટ્રીય અલગતા દેશને વિનાશ તરફ ધકેલી રહી છે. જ્યાં સુધી વિશ્વ સંઘ તાલિબાનને માન્યતા નહીં આપે અથવા તાલિબાન સુધારો નહીં કરે, ત્યાં સુધી અફઘાન લોકોની વેદના ટળવાની નથી. મહિલાઓ પર કઠોર પ્રતિબંધો મુકવામાં આવ્યા છે. તાલિબાનના નવા શરિયા કાયદાઓએ સ્ત્રીઓના જીવનને જેલ સમાન બનાવી દીધું છે: પુરુષ સંગાથ વિના બહાર નીકળવા પર પ્રતિબંધ. હોટલ, પાર્ક અને જાહેર સ્થળોએ મહિલાઓની ઍન્ટ્રી પર રોક છે. શાળાઓ-કોલેજો બંધ હોવાથી ૧૪ લાખ છોકરીઓ શિક્ષણથી વંચિત છે. ટીવી, સોશિયલ મીડિયા અને જાહેર જીવનમાં મહિલાઓની છબીઓ પર પાબંદી મૂકવામાં આવી છે. આર્થિક પતન અને ભૂખમરો, યુદ્ધ અને આંતરરાષ્ટ્રીય પ્રતિબંધોએ અફઘાન અર્થવ્યવસ્થાનો નાશ કર્યો છેઃ ખનીજ સંપત્તિ (લિથિયમ, તાંબુ) હોવા છતાં, વિદેશી રોકાણ ન મળવાથી ગરીબી વધી છે. તાલિબાનની અક્ષમતા અને આંતરરાષ્ટ્રીય પ્રતિબંધ ઉપરાંત તાલિબાનને દેશ ચલાવવાનો અનુભવ નથી. નેતાઓમાં આર્થિક નીતિઓ બનાવવાની ક્ષમતા નથી.

અમેરિકા-પશ્ચિમના પ્રતિબંધોને કારણે કોઈ દેશ તાલિબાનને માન્યતા આપતું નથી. ચીન અને પાકિસ્તાન ફક્ત ખનીજોના લાભ માટે જ સંપર્કમાં છે. પાકિસ્તાન સાથે તણાવને કારણે ડુરંડ લાઈન પર લડાયક ઘટનાઓ વધી છે. પાકિસ્તાન, હઝારા, તકાજાના લોકો તેમજ એલજીબીટીક્યુ સમુદાય પર પણ આજે અત્યાચાર વધ્યાં છે. તદ્અનુસાર આંતરરાષ્ટ્રીય રીતે પણ તાલિબાનને કોઈ માન્યતા આપતું નથી. અમેરિકા, યુરોપ, વિવિધ વિશ્વશક્તિઓએ તેમની ઉપર ખૂબ જ કડક પ્રતિબંધો મૂક્યાં છે. ચીન અને પાકિસ્તાન માત્ર માલિકી ધરાવતી ખનિજ સંપત્તિ મેળવવાની લાલચમાં સંપર્ક કરે છે. જોકે પાકિસ્તાન આજે ઘેરાબંધી બનાવી લોકો પર કડકાઈ વધારી રહ્યું છે, ૧.૭ મિલિયન અફઘાનીઓની કડકાઈથી દેશનિકાલની સ્થિતિ થઈ છે. બીજા પ્રધાન દેશો સતત માનવાધિકારના ભંગ મુદ્દે યુનાઈટેડ નેશન સામે ફરિયાદ કરે છે, તેમ છતાં અવાજ બંધ રહેલો છે.

# ઓટોમેશન અને એઆઈ થકી વિકાસના સપના સાકાર થાય ખરા ?

**પ્રાસંગિક**
સુરેશ પટેલ

આજની તમામ સમસ્યાઓના મૂળમાં આર્થિક સમસ્યા છે. આર્થિક સમસ્યાને કારણે જ અલગતાવાદ ઊભો થાય છે. અમીર ગરીબના ભેદને કારણે વહીવટી તંત્રમાં ભ્રષ્ટાચાર આવે છે. અમીર પૈસાના જોરે સર્વ કંઈ ખરીદી શકે છે. ગરીબ માત્ર વિદ્રોહ કરી શકે છે અને હવે એ તાકાત પણ તેનામાં રહી નથી. માત્ર વોટ ખરીદાય એવું નથી પરંતુ ચૂંટાયેલા ઉમેદવારોને પણ ખરીદ કરવામાં આવે છે. સરકારને બનાવવામાં અને તોડવામાં આર્થિક પરિબળ મુખ્ય ભાગ ભજવે છે. એમ માનવામાં આવે છે કે જેમ જેમ ટેકનોલોજીનો વિકાસ થશે તેમ તેમ રોજગારીની તકો વધશે લોકો સધ્ધર બનશે પરંતુ જેમ જેમ વિજ્ઞાન અને ટેકનોલોજીનો વિકાસ થતો ગયો તેમ તેમ ઓટોમેશન આવ્યું અને કારખાનાઓમાં માણસ જે કામ કરતો હતો તે મશીન કરવા લાગ્યા. પરિણામે કામદારોને છૂટા કરવામાં આવી રહ્યા છે.

હવે વ્હાઈટ કલર જોબની વાત કરીએ તો તેમાં લેખકો, પત્રકારોથી માંડીને કલાકારો પણ ટેકનોલોજીનો ભોગ બન્યા છે. એઆઈ જનરેટેડ ચિત્રો ક્ષણવારમાં બને છે. જે કલાકારોએ બનાવેલા ચિત્રો કરતા વધુ સારા, વધુ સુંદર અને એકદમ સસ્તા હોય છે આના કારણે કલાકારોનો ધંધો ભાંગી ગયો. દુકાનના સાઈન બોર્ડ બનાવનારા ચિત્રકારો હવે જોવા મળતા નથી બધું જ મશીનથી થાય છે. આ તો શરૂઆત થઈ છે પરંતુ ગ્રાફિક ડિઝાઈનરો હવે નવરા પડ્યા છે. એઆઈ જનરેટેડ ડિઝાઈન આવતા ચિત્રકારોની કિંમત ઘટી છે. આવી જ રીતે પત્રકારો અને લેખકોની વેલ્યુ પણ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સે સાવ ઘટાડી દીધી છે.

કન્ટેન્ટ રાઈટરો પણ હવે રોજગાર વગરના બની જશે કારણ કે એઆઈ ટેકનોલોજીએ એની રોજગારી પણ છીનવી લીધી છે. આમ છતાં એક વસ્તુ ચોક્કસ છે કે લેખક જે દિલથી લખે છે તેમાં ઈમોશન છે, કૃત્રિમતા નથી. તે પોતાના અનુભવથી લખે છે, સંકલન કરે છે, રિરાઈટ કરે છે તેની વેલ્યુ આજની તારીખે યથાવત રહેવાની છે તે પણ એક સારી નિશાની છે. કનૈલાલ મુનશી અને ધૂમકેતુ જેવા લેખકે જે સાહિત્યનું સર્જન કર્યું છે તેવું સર્જન આજની ટેકનોલોજી દ્વારા કોઈ સંજોગોમાં થઈ શકે નહીં. હિન્દી સાહિત્યમાં મુનશી પ્રેમચંદે 'કફન' નામની જે સ્ટોરી લખી છે. જે આજે દાયકાઓ પછી પણ અજર અમર છે. કવિ રમેશ પારેખના કાવ્યસર્જનમાં જે મૌલિકતા છે તે એઆઈ જનરેટેડ સાહિત્યમાં કોઈ સંજોગોમાં આવી શકે નહીં તે પણ એક હકીકત છે. શિશુવિહારના પ્રેમ શંકર ભટ્ટે ''લક્ષ્મણ જેવો નાનેરો ભાઈ''નામની જે કૃતિ લખી છે તે આજની તારીખે અદ્દભુત ગણવામાં આવે છે. આવું સર્જન ટેકનોલોજી દ્વારા કોઈ સંજોગોમાં થઈ શકે નહીં.

આ વસ્તુ અનોખી છે બાકી વગર મહેનતે ટેકનોલોજીની મદદથી સાહિત્યનું સર્જન કરવું છે તેની રોજગારી જોખમમાં આવી જાય તેમાં શંકાને કોઈ સ્થાન નથી. કહેવાનો ભાવાર્થ એટલો જ કે મૌલિકતા ટેકનોલોજીની મોહતાજ નથી.! વિકાસ કરવાથી રોજગારીની તકો વધે છે તે વસ્તુ હવે શંકાસ્પદ બનતી જાય છે કારણ કે વિજ્ઞાન અને ટેકનોલોજીનો જેમ જેમ વિકાસ થતો ગયો તેમ તેમ માનવીની રોજગારીની તકો ઘટતી ગઈ છે. બ્લુ કલરને બાદ કરતા પ્રકાશન અને ઈન્ટરનેટમાં વેબસાઈટ લખતા, ન્યૂઝ બનાવતા લેખકો અને પત્રકારો પર નોકરી ગુમાવવાનું જોખમ વધી રહ્યું છે. કલાકારોનું માન સન્માન પણ હવે ટેકનોલોજીએ નહીવત કરી નાખ્યું છે.

વિરોધ પક્ષના એક નેતાએ ત્રણ ચાર વર્ષ પહેલા ટીકા કરી હતી કે વિકાસ ટેકનોલોજીને કારણે નહીં થાય. આ વાત આજે સાચી પડતી જાય છે. માત્ર ભારતમાં જ નહીં વિશ્વના તમામ દેશોમાં આ વસ્તુ લાગુ પડે છે. ટેકનોલોજીમાં ખાસ કરીને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્ટ તથા ઓટોમેશનને કારણે રોજગારીમાં જબરજસ્ત ઘટાડો થયો છે. ગરીબી અને અમીરીની ખાઈ વધુ પહોળી બની છે. વિવાદો વધતા જાય છે. ગરીબ વધુ ગરીબ બને છે અને અમીર વધુ અમીર બને છે. આ વસ્તુ ટેકનોલોજીના વિકાસને કારણે થઈ હોવાનું મોટાભાગે માનવામાં આવે છે અને એ વસ્તુ સાચી પણ લાગે છે. આપણે એવા યુગમાં પ્રવેશી રહ્યા છીએ જ્યાં ટેકનોલોજી, ખાસ કરીને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), આપણા કામ કરવાની રીતમાં ક્રાંતિ લાવી રહી છે. એક તરફ, AI આપણા જીવનને સરળ બનાવે છે, પરંતુ બીજી તરફ, તે ઘણી નોકરીઓ માટે જોખમ ઊભું કરી રહ્યું છે. નિષ્ણાતોના મતે, ઘણા ક્ષેત્રોમાં AI માનવ શ્રમનું સ્થાન લેવા માટે તૈયાર છે. ચાલો એવા ત્રણ મુખ્ય ક્ષેત્રો વિશે વાત કરીએ, જ્યાં AI નોકરીઓ પર સીધો પ્રભાવ પાડી રહ્યું છે.

કન્ટેન્ટ રાઈટર્સ અને વોઈસ ઓવર આર્ટિસ્ટ્સ અત્યાર સુધી, જાહેરાતો, સોશિયલ મીડિયા પોસ્ટ્સ, બ્લોગ્સ અને અન્ય માર્કેટિંગ કન્ટેન્ટ લખવા માટે કન્ટેન્ટ રાઈટર્સ (જેને કોપીરાઈટર્સ પણ કહેવાય છે) ની જરૂર પડતી હતી. આ રાઈટર્સ ગ્રાહકોની માનસિકતા, મૂડ અને ખરીદીની પેટર્ન જેવી બાબતોને ધ્યાનમાં રાખીને અસરકારક લખાણ તૈયાર કરતા હતા. પરંતુ હવે, Jasper જેવી AI-આધારિત એપ્લિકેશનો આ કામ સરળતાથી કરી શકે છે. કંપનીના સીઈઓ માત્ર જરૂરી ઈનપુટ આપે અને એક બટન દબાવે, એટલે આ એપ જાતે જ માર્કેટિંગ માટે આર્ટિકલ્સ, ઈમેઈલ્સ અને ટ્વિટર પોસ્ટ્સ તૈયાર કરી દે છે. આ કન્ટેન્ટ SEO (સર્ચ એન્જિન ઓપ્ટિમાઈઝેશન) મુજબનું હોય છે, જેનાથી કંપનીનું કન્ટેન્ટ તેના ટાર્ગેટ ઓડિયન્સ સુધી સહેલાઈથી પહોંચી શકે છે.



એ જ રીતે, વોઈસ ઓવર આર્ટિસ્ટ્સની નોકરીઓ પણ જોખમમાં છે. ભારતીય ટીવી ચેનલો પર પણ હવે AI-જનરેટેડ હ્યુમન અવતાર ન્યૂઝ બુલેટિન વાંચતા જોવા મળે છે. Text-to-speech સેવા આપતી AI એપ્લિકેશનો સસ્તા ભાવે ઉપલબ્ધ છે, જે વિવિધ સ્ત્રી અને પુરુષ અવાજોમાં ટેક્સ્ટને ઓડિયોમાં રૂપાંતરિત કરી શકે છે. વીડિયો બ્લોગર્સ પણ આ એપ્સનો મોટા પાયે ઉપયોગ કરી રહ્યા છે, જેનાથી વોઈસ ઓવર માટે કોઈ પ્રોફેશનલ આર્ટિસ્ટને હાયર કરવાની જરૂર રહેતી નથી. ગ્રાફિક ડિઝાઈનર્સ અને કલાકારો પણ હવે નવરા પડ્યા છે. કલાના ક્ષેત્રમાં AIના પ્રવેશથી એક નવી ચર્ચા શરૂ થઈ છે. જ્યાં એક કલાકાર દિવસોની મહેનત પછી એક સુંદર ચિત્ર બનાવે છે, ત્યાં AI તે જ કામ થોડી જ ક્ષણોમાં કરી શકે છે. DALL-E 3 જેવી AI એપ્લિકેશનો શબ્દોના આધારે અદ્દભૂત ઈમેજ જનરેટ કરી શકે છે.

જેસન એલન નામના એક કલાકારે AI-જનરેટેડ કલાકૃતિને એક સ્પર્ધામાં રજૂ કરી અને પ્રથમ ઈનામ જીત્યું, જેનાથી તેની ટીકા પણ થઈ. પરંતુ જેસનનું કહેવું છે કે AI એક સાધન છે, જેમ કે પેઈન્ટ-બ્રશ. મૂળ ચાલકબળ તો કલાકારની પોતાની ક્રિએટીવીટી જ છે. જે કલાકારો AI સાથે પોતાની કુશળતાને અપડેટ કરશે, તે ટકી જશે. જેઓ આમ નહીં કરે, તેમના માટે મુશ્કેલી ઊભી થઈ શકે છે. આ વસ્તુ પણ ખોટી છે જે કલાકાર પોતાની ઊર્મિથી દિલના ભાવથી જે પેઈન્ટિંગ બનાવે છે તે અનોખું હોય છે તેમાં એઆઈ ટૂલની જરૂર જ નથી પડતી પરંતુ કોઠાસૂઝની વધુ જરૂર હોય છે! AIની અસર પત્રકારત્વના ક્ષેત્રમાં પણ જોવા મળી રહી છે. સ્પોર્ટ્સ અને ફાઈનાન્સિયલ જર્નાલિઝમ જેવા ક્ષેત્રોમાં જ્યાં સમાચાર મુખ્યત્વે આંકડાઓ પર આધારિત હોય છે, ત્યાં AI-જનરેટેડ એપ્લિકેશનો પળવારમાં ન્યૂઝ રિપોર્ટ્સ તૈયાર કરી શકે છે.

ઉદાહરણ તરીકે, કોઈ કંપનીના વાર્ષિક અહેવાલ અથવા ક્રિકેટ મેચના સ્કોરના આધારે AI સ્વયંચાલિત રીતે સમાચાર લેખ લખી શકે છે. આ કોઈ ભવિષ્યની વાત નથી, પરંતુ વાસ્તવિકતા છે. અમેરિકાની પ્રખ્યાત ન્યૂઝ એજન્સી એસોસિયેટ પ્રેસએ ૨૦૧૪માં જ Automated Insights નામક AI પ્લેટફોર્મ સાથે ભાગીદારી કરી હતી. તેનાથી તેમના રિપોર્ટર્સનો ૨૦% સમય બચ્યો છે, જેનો ઉપયોગ તેઓ વધુ ઊંડાણપૂર્વકના સમાચારો શોધવામાં કરી રહ્યા છે. કહેવાનો ભાવાર્થ એટલો જ કે ટેકનોલોજી હંમેશા પરિવર્તન લાવતી હોય છે. AI પણ એક પરિવર્તન છે. જે લોકો AI સાથે પોતાની કુશળતાને અપડેટ કરતા રહેશે, તેઓ ભવિષ્યમાં ટકી શકશે. બાકીના લોકો માટે પડકારો વધી શકે છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ માનવ સર્જનાત્મકતાનું સ્થાન લઈ શકે નહી એ પણ એક હકીકત છે. અને તેનો ઈનકાર થઈ શકે નહી.

**ટેકનોલોજીથી વિકાસ થાય અને રોજગારી વધે એ માન્યતા આજે ખોટી પડતી જાય છે. ઓટોમેશન અને એઆઈ દ્વારા બેરોજગારી અનેક ગણી વધી રહી છે. પણ મૌલિકતા આની સામે અણનમ છે.**

# રક્ષાબંધન : ભાઈ-બહેનના અતૂટ સંબંધનો અને ભાવનાત્મક બંધનનો પવિત્ર તહેવાર

**મનન ચિંતન**
ભરત બાવીશી






ભારતીય સંસ્કૃતિમાં તહેવારો માત્ર ઉલ્લાસ અને ઉજવણી સુધી સીમિત નથી, પરંતુ તેઓ આપણા જીવનમાં ઊંડા હેતુ અને સંદેશ લઈને આવે છે. દર વર્ષે શ્રાવણ સુદ પૂનમના દિવસે ઉજવાતો આવો જ એક પારિવારિક પવિત્ર બંધન અને સામાજિક સમરસતાના પ્રતીક સમો રક્ષાબંધનનો તહેવાર હમણાં આ અઠવાડિયામાં આવી રહ્યો છે, જે ભાઈ-બહેનના પ્રેમ, સમર્પણ અને રક્ષાના અદભૂત બંધનનું પ્રતિબિંબ બની ઉભો છે. ''રક્ષા'' એટલે સુરક્ષા અને ''બંધન'' એટલે સંબંધ; રક્ષાબંધન એટલે એવી દોરી, જેમાં બન્ને વચ્ચે વિશ્વાસ, ભાવના અને જવાબદારીનું સંમિશ્રણ હોય છે. આ તહેવારનો ઈતિહાસ અને કથાપ્રસંગ જોઈએ તો રક્ષાબંધનની પૌરાણિક વ્યાખ્યા અનેક કથાઓમાં જોવા મળે છે. મહાભારતના પ્રસંગમાં, જ્યારે દ્રૌપદીએ સુદર્શન ચક્રથી ઘાયલ થયેલી શ્રીકૃષ્ણના હાથની આંગળી પર પોતાની સાડીનો પલ્લુ બાંધીને વહેતું રક્ત બંધ કરેલું, ત્યારે કૃષ્ણે વચન આપ્યું કે ''બેન હું તારી રક્ષા કરીશ.'' તે પ્રસંગમાં પરસ્પર ભક્તિ, પ્રેમ અને રક્ષાનું ઉત્તરદાયિત્વ સ્પષ્ટ થાય છે. બીજી તરફ, રાજકીય દ્રષ્ટાંત તરીકે રાણી કર્ણાવતી દ્વારા મુગલ નેતા હુમાયૂંને મોકલવામાં આવેલી રાખડી એ સામાજિક અને રાજકીય સ્તરે બહેનોની શક્તિ તથા સહકારનું ઉચ્ચતમ સ્વરૂપ દર્શાવે છે. દરિયાકાંઠે વસતા માછીમાર સમાજના લોકો સમુદ્રના દેવતા ''વરૂણ દેવ''નું પૂજન કરે છે. આ પૂજામાં નાળિયેર ચઢાવવામાં આવે છે, જે સામુદ્રિક જીવન માટે સુરક્ષા અને કૃપા માટે પ્રાર્થના હોય છે. અને આ પૂનમ પછી તેઓ નવતર માછીમારીની મૌસમ શરૂ કરે છે. આમ પૌરાણિક કાળથી ચાલી આવતી પરંપરા મુજબ ઉજવાતા રક્ષાબંધનના દિવસે વહેલી સવારે દરેક ઘરમાં પવિત્ર વાતાવરણ સર્જાય છે. પ્રથમ પૂજાની થાળીમાં કંકુ ચોખાથી ચાંદલો કરીને બહેનો ભાઈઓની મંગલ કામના સાથે તેમના હાથ પર રાખડી બાંધે છે જેથી ભાઈઓ પોતાની બહેનની રક્ષા કરવાની વચનબદ્ધતા આપે છે. ભાઈ તેની વહાલી બહેનને માત્ર ભેટ નહીં પણ જીવનભર તેના સુખ -દુઃખમાં સાથ આપવાનો સંકલ્પ રાખે છે. ઘરમાં રંગોળી, મીઠાઈ, ફૂલ અને સુગંધિત દીવાનું સુશોભન ભાવનાને વધુ પ્રગાઢ કરે છે. આધુનિક સમયમાં જ્યારે પરિવારો જગતના જુદા જુદા ભાગમાં દૂર દૂર વસે છે, ત્યારે રક્ષાબંધન પણ ટેક્નોલોજીના માધ્યમ દ્વારા જીવંત રહે છે. ઓનલાઈન રાખડી મોકલવાથી માંડીને, મિત્રો-સગાસંબંધીઓ સાથે વીડિયો કોલથી વાત, સોશ્યલ મીડિયામાં સ્ટેટસ અને ડી.પી.માં રક્ષાબંધનની શુભેચ્છાઓ મૂકીને પણ તહેવારની ખુશી વહેંચે છે. આમ ભાઈ બહેન વચ્ચે અંતર ભલે વિશાળ હોય, પરંતુ એક નાજુક દોરી એમને નજીક રાખી શકે છે. આ તહેવારનું સામાજિક મહત્વ જોઈએ તો તહેવાર હવે માત્ર કુટુંબ પૂરતો સીમિત નથી રહ્યો. આ અંગે અનેક જાહેર અને વ્યવસાયિક ક્ષેત્રની મહિલાઓ પોલીસ અધિકારીઓ, સૈનિકો, ડોકટરો, સ્વયંસેવકોને પણ રાખડી બાંધીને તેમના રક્ષણકાર્ય માટે આભાર વ્યક્ત કરે છે. આથી આ બધા લોકોમાં વધુ ઉત્સાહ અને જુસ્સાથી કામ કરવાની એક સામાજિક અને નૈતિક જવાબદારી વધે છે. એ રીતે રક્ષાબંધન એ વ્યક્તિગત સંબંધો ઉપરાંત સમાજમાં એકબીજાની કાળજી અને રક્ષણની માન્યતાના પ્રતીક સાથે સામાજિક ઉત્તરદાયિત્વનો સંદેશ આપે છે. નિષ્કર્ષ રૂપે રક્ષાબંધન એ માત્ર ચિલાચાલુ દિવસ નથી, પરંતુ લાગણીઓ, જવાબદારી અને પરસ્પર સહકારનો સંવાદ છે. રાખડી આપણને યાદ અપાવે છે કે સ્નેહ હોય તો સામે જવાબદારી પણ હોય, અને ભાઈ-બહેનનો સંબંધ એ જીવનભર ચાલનાર એક અનમોલ અને અતૂટ સબંધ છે. જે ''એક નાજુક દોરીમાં જોડાયેલ સદીઓની પરંપરા છે, એ જ રક્ષાબંધનનો મહિમા છે.

**રક્ષાબંધનની શુભેચ્છાઓ....**



**'' દોરી નથી ફક્ત સૂતરની, એ છે વિશ્વાસનો પાયો, ભાઈની વચનબદ્ધતા, અને બહેનની વ્હારે માડી જાયો.''**

# પરસેવો પાડી, મહેનત કરીને કમાય તેને ખેડૂત કહેવાય

**ઝાકળનું એક બિંદુ**
હિરેન હિરપરા



આજના સમયમાં રૂપ અને રૂપિયાની આગવી ઓળખ બની ગઈ છે. જે સમરસ સમાજ માટે ઘાતક પણ સાબિત બની રહ્યું છે. પરસેવો પાડયા વિના બુદ્ધિના ગાળીયા કરીને ટૂંકા રસ્તે કમાણી કરી લેવી, કોઈપણ ક્ષેત્રમાં મહેનત, પરિશ્રમ વગર લોકપ્રિય અને પ્રસિધ્ધ થઈ જવું એની આજની પેઢીને ઘેલછા લાગી છે. આ રાક્ષસી વૃત્તિ પાછળ જવાબદાર પરિવારના મોભી છે. વર્તમાન સમયમાં મોબાઈલની દુનિયાએ સમાજ વ્યવસ્થા છીન્ન-ભીન્ન કરી નાખી છે. આમ છતાં પરિવારના વડીલો આ ઝેરમાંથી પોતે અને પોતાના પરિવારને બહાર કાઢી શકતા નથી.

મોબાઈલના ઝેરથી પરિવારો છીન્ન-ભીન્ન થયા અને જમીન, વાવતેરમાં ઝેર છાંટીને માણસ કેન્સર જેવી બીમારીમાં સપડાતા પરિવારો છીન્ન-ભીન્ન થયા.

જામનગર તાલુકાના તરવરીયા યુવાન ભાવેશ મનસુખભાઈ નંદા જેની ઉંમર માત્ર ૩૫ વર્ષ છે અને દડીયા ગામનો વતની છે. ૨૦૧૯થી પ્રાકૃતિક ખેતીના રંગે રંગાઈને આજે પોતાની બ્રાન્ડ વેલ્યુ ઉભી કરી છે. પોતાના પરિવારની ૧૯ વિઘા જમનીમાં ચોમાસા દરમ્યાન મગફળી, હળદર, મરચાનું વાવેતર કરે છે. મગફળીના દાણા





અનો તેલ કાઢીનો વેચાણ કરે છે. જયારે હળદરનો પાવડર બનાવીને વેચાણ કરે છે. લીલા મરચા અને બાદમાં મરચા પાવડરનું વેચાણ કરે છે. શિયાળામાં રાય, ઘઉં અને ચણાનું વાવેતર કરે છે. ગ્રેડિંગ, શોર્ટીંગ કરીને પોતાના બાંધેલા ગ્રાહકોને સારૂ ખાવાનું પુરૂ પાડે છે. ચણામાંથી ચણાદાળ બનાવીને વેચાણ કરે છે.

આજે ખેડૂતો વર્ષમાં ત્રણ-ત્રણ પાકો લેતા થયા છે. જેની સામે જમીનમાં સેંદ્રિય તત્વો અને કાર્બનના અભાવે રાસાયણિક ખાતરોનો વધુ ઉપયોગ કરવો પડે છે. આથી આ યુવા ખેડૂત ઉનાળુ વાવેતર કરતા નથી. જમીનને ખેડીને તપવા દે છે. હાલ ગુલાબનું વાવેતર પણ કર્યું છે. તેમાંથી શિયાળા દરમ્યાન ફુલોનું વેચાણ અને ઉનાળા દરમ્યાન ગુલકંદ બનાવીને વેચાણ કરશે.

પ્રાકૃતિક ખેતીની શરૂઆતમાં તકલીફો થઈ હતી પરંતુ આજે સફળતા મળી છે. ૧૨ જેટલી ગાયો રાખે છે. જેમાંથી દૂધનું વેચાણ કરે છે. ગામડાઓમાં એક પધ્ધતિ- રિવાજ હતો. મહિલાઓ ગાય-ભેંસ રાખે અને પોતાના પરિવારની જરૂરિયાતો સંતોષાય પછીનું દૂધ-ઘીનું વેચાણ કરીને ઘરખર્ચ કાઢી લેતા. આજે પશુપાલન મૃતપાય થયું. તમામ ખર્ચ ખેતી ઉપર આવ્યો એટલે ખેતી પોસાતી નથી. સરકાર દ્વારા આયોજીત મિલેટ મહોત્સવ, અમૃત મહોત્સવ, આત્માના સ્ટોલ ઉપરથી વેચાણ કરે છે. ઉપરાંત પોતાની રીતે માર્કેટ ઉભું કર્યું છે. બોલો છે ને ખેડૂતનો દીકરો! મહેનતુ ભાવેશભાઈ નંદાનો સંપર્ક નં.૭૦૧૬૫૩૪૦૦૭ છે.

**તિખારો**

**દરેક વખતે વિશ્વાસમાં ઠોકર ખાતો માણસ મજબુર બનીને એક દિવસ સંબંધને પણ જતો કરી દે છે.**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અઠવાડિક ખેતી કાર્યો



## કપાસ





» કપાસમાં કાબરી, લીલી, ગુલાબી અને લશ્કરી ઈયળ માટેનાં ફેરોમોન ટ્રેપ મળે છે. ફેરોમોન ટ્રેપમાં ઉપરોકત જીવાતનાં નર ફૂદાં આકર્ષાઈને આવે છે જેથી જીવાતના નિયંત્રણનાં પગલા લેવામાં અનુકૂળતા રહે છે.

» લીલી, ગુલાબી, કાબરી અને લશ્કરી ઈયળોના નર ફૂદાના સામૂહિક એકત્રીકરણ માટે વીઘા દીઠ ૫ થી ૬ ફેરોમોન ટ્રેપ ગોઠવવા અને લ્યુર દર ૩૦ દિવસે બદલવી જોઈએ.

» ફેરોમોન ટ્રેપ કપાસની ટોચથી ૧-૧.૫ ફૂટ ઉંચાઈએ રાખવા.

» ગુલાબી ઈયળનાં ઢાળિયા કીટક દેખાય ત્યારે તેના નિયંત્રણ માટે હેકટરે ૩૦ થી ૩૫ ફેરોમેન ટ્રેપ ગોઠવવા.

» ચુસીયા પ્રકારની જીવાતના નિયંત્રણ માટે ઈમીડાક્લોપ્રીડનો છંટકાવ કરવો. કપાસમાં મૂળખાઈના રોગનાં નિયંત્રણ માટે કોપર ઓકઝીક્લોરાઈડ ૪૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં નાખી ડ્રેન્ચીંગ કરવું.

» કપાસની સારી વૃદ્ધિ વધારવા માટે નેપ્થેલીન એસિટીક એસિડનો ૫૦ અને ૭૦માં દિવસે છંટકાવ કરવો.

» નિંદામણ માટે ૩૦ થી ૩૫ દિવસે ટર્ગા સુપર અથવા વ્હીપ સુપર ૩૦ (નાની અવસ્થાએ) થી ૩૫ મિ.લિ. (મોટી અવસ્થાએ) પ્રતિ પંપ (૧૫ લિટર) પ્રમાણે છંટકાવ કરવો. સામાન્ય રીતે બે વખત હાથથી નિંદામણ અને બે વખત આંતર ખેડ કરી નિંદામણ કરવું જોઈએ.

» યુરિયા ખાતર જમીનમાં પુરતો ભેજ હોય ત્યારે અને પિયત આપ્યા પછી જ સવારમાં કે બપોર બાદ આપવામાં આવે તો આપેલ ખાતરનો છોડ વધુમાં વધુ ઉપયોગ કરી શકે છે. ઘણા ખેડૂતો કપાસના પાકમાં પાછલી અવસ્થામાં ડી.એ.પી. રાસાયણિક ખાતર આપે છે તે જરા પણ યોગ્ય નથી, કારણ કે કોઈપણ પાક માટે ફોસ્ફરસ યુકત ખાતર પાકના વાવેતર પહેલા ચાસમાં ઉંડે આપવાનું હોય છે. પાછળથી જમીન ઉપર આપવામાં આવેલ કોઈપણ ફોસ્ફરસ યુકત ખાતરનો પુરતો ઉપયોગ થતો નથી અને ખેતી ખર્ચ વધે છે.

## મગફળી



» સામાન્ય રીતે મગફળી જમીનમાં લોહ તત્વની ખામીના લીધે પીળી પડતી હોય છે જેના નિરાકરણ માટે ૧૦૦ ગ્રામ ફેરસ સલ્ફેટ (હીરા કસી) અને ૧૦ ગ્રામ સાઈટ્રીક એસિડ (લીંબુના ફૂલ (૧૦ લિટર પાણીમાં ઓગળી છંટકાવ કરવો. જરૂર જણાય તો બીજા બે છંટકાવ ૮ થી ૧૦ દિવસના અંતરે કરવા.

» ગેરૂ : આ રોગ પકસીનીયા એરીચીડીસ નામની ફુગથી થાય છે. ગેરૂ રોગના લીધે દાણાની ગુણવત્તામાં પણ અસર થાય છે. આ રોગને લીધે છોડના પાન ઉંમર પહેલા સુકાઈ જાય છે જેને લીધે ચારાની ગુણવત્તામાં પણ અસર થાય છે.

» રોગના લક્ષણો : આ રોગની શરૂઆતમાં પાનની નીચેની સપાટી પર ટાંચણીના માથા જેવડા નાના ગેરૂ રંગના ઉપસેલા ટપકા દેખાય છે અને આ ટપકાની બરાબર ઉપરની સપાટી પીળી પડે છે. વખત જતા આવા ગેરૂના ટપકા પાનની ઉપરની સપાટી પર અને જો રોગ ઉગ્ર સ્વરૂપમાં હોય તો છોડની દાંડી પર પણ આછા ટપકા જોવા મળે છે. રોગવાળા પાન સુકાઈને ખરી પડે છે. આ રોગને કારણે ડોડવામાં દાણા પુરા ભરાતા નથી અને ગુણવત્તા નબળી રહે છે.



ડો.જી.આર. ગોહિલ, જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢ. ફોન : ૯૨૭૫૭૦૮૩૪૨

» નિયંત્રણ :

» ચોમાસુ પાક લીધા પછી મગફળીના અરોડા છોડનો નાશ કરવો જેમાં પ્રાથમિક રોગના બીજાણુઓ રહેલા હોય છે.

» મગફળીનો પાક ૩૫ થી ૪૦ દિવસનો થાય ત્યારે કલોરોથેલોનીલ અથવા મેન્કોઝેબ ૦.૨ ટકા (૧૦ લિટર પાણીમાં ૨૫ ગ્રામ) અથવા હેકઝાકોનાઝોલ ૦.૦૦૫ ટકા (૧૦ લિટર પાણીમાં ૧૦ મિ.લિ.) ના ૩ છંટકાવ ૧૨ થી ૧૫ દિવસના અંતરે કરવા. વાવેતર બાદ ૪૦ દિવસે હેક્ઝાકોનાઝોલ ૧૦ મિ.લિ.૧૦ લિટર પાણીમાં ૯ અને ૬૦ અને ૮૦ દિવસે ટાલ્કમ પાવડર આધારિત સ્યુડોમોનાસ ફલ્યુરોસન્સ અથવા હેક્ઝાકોનાઝોલનો છંટકાવ કરવો.

» પાયરેક્લોસ્ટ્રોબિન અથવા કાર્બેન્ડાઝીમ પ્રથમ છંટકાવ રોગની શરૂઆત થયે અને બાકીના બે છંટકાવ ૨૦ દિવસના અંતરે કરવા. અથવા રોગ દેખાય એટલે હેકઝાકોનાઝોલ પમ્પમાં ૨૫ થી ૩૦ મિ.લિ. નાખી છંટકાવ કરવો. બીજો છંટકાવ ૧૫ દિવસે શાર્પ ૨૦ મિ.લિ. પમ્પમાં નાખી છંટકાવ કરવો.

» થડ / ડોડવાનો સડો : આ રોગ સ્કલેરોશીયમ નામની ફૂગથી થતો હોય છે.



» રોગની ઓળખ અને નુકસાન : જમીનની લગોલગ તથા અંદર, થડ ઉપર આછા ભુખરા રંગનાં ધાબા દેખાય. થડ ઉપર સફેદ ફુગનાં તાંતણા દેખાય જેમાં ફુગની ગોળાકાર સફેદ રંગની પેશીઓ બને. વખત જતાં આ પેશીઓ (સ્કલેરોશીયા) રાઈના દાણા જેવી બને છે. સફેદ ફુગ ડોડવા પર પણ જોવા મળે. જેને કારણે દાણા જાંબુડીયા રંગનાં થઈ જાય. રોગ ઉગ્ર સ્વરૂપ ધારણ કરે તો આખો છોડ સફેદ ફુગનાં તાંતણાંથી ઘેરાઈ જાય. છોડ સુકાઈ જાય છે. હમણાં સૌરાષ્ટ્ર વિસ્તારમાં પાન ઉપર ટપકાનાં સ્વરૂપમાં પણ આ રોગ જોવા મળેલ છે.

» તલ:

» તલનાં પાકમાં ઈન્ડોલ એસેટિક એસિડ(IAA) ૧ ગ્રામ પ્રતિ ૧૦ લિટર પાણીમાં ફૂલ આવવાની અવસ્થાએ છંટકાવ કરવો.

» પાન/ થડનો સુકારોનાં નિયંત્રણમાટે કોપરઓક્ઝીક્લોરાઈડ ૪૦ ગ્રામ અથવા મેન્કોઝેબ ૨૬ ગ્રામ દવા ૧૦ લિટર પાણીમાં ઓગાળી છંટકાવ કરવો. બીજો છંટકાવ ૧૫ દિવસે કરવો.

» સૂર્યમુખી :

» સૂર્યમુખી પાકમાં લીલી ઈયળ મુખ્ય જીવાત છે. તેના નિયંત્રણ માટે બેસિલસ થુરીન્ઝીનેસીસ ૨ લિ./હેક્ટર

» અથવા લીલી ઈયળનું એન.પી.વી. ૨૫૦ એલઈ/હેક્ટર અથવા કિવનાલફોસ અથવા ફેનવાલરેટનો છંટકાવ કરવો.

» દિવેલા :



» જમીનજન્ય રોગોથી છોડના રક્ષણ માટે વાવતા પહેલા બીજને ફૂગનાશક દવા (થાયરમ) કિલો બીજ દીઠ ૩ ગ્રામ અથવા બાવીસ્ટીન ૧ ગ્રામ પ્રમાણે પટ આપી વાવણી કરવી. દિવેલાની હાઈબ્રીડ જાતો માટે પ્રમાણિત બિયારણ વાપરવું.

» ડાંગર:

» ડાંગરની સીરા પદ્ધતિથી પણ વાવેતર કરી શકાય. ખાતરનો જથ્થો ૪૦% નાઈટ્રોજન અને ૧૦૦% ફોસ્ફરસ રોપણી સમયે ૪૦ ટકા ફાલ આવે ત્યારે અને ૨૦% કંટી બેસે ત્યારે

» ચૂસીયાંનો ઉપદ્રવ જોવા મળે કે તરત જ ક્યારીમાંથી પાણી નિતારી નાખવું .

» બાગાયત :

» કેળ :

» દરિયા કિનારાના સતત પવનથી પાકને સુરક્ષિત રાખવા પવન અવરોધક વાડ કરવી ઉપરાંત કેળનું રોપાણ ઈશાન-નૈતૃત્ય દિશામાં કરવું.

» આ પદ્ધતિથી વાવેતર કરવાથી પવન સોંસરવો નીકળી જશે અને બધા જ છોડને સૂર્યપ્રકાશ પણ એક સરખો મળશે.

» કેળનું સારૂ ઉત્પાદન લેવા એક હેકટર વિસ્તાર માટે ૧૦૦ થી ૧૨૫ ગાડા સારૂ કોહવાયેલ છાણિયું ખાતર લેવું તેમાંથી અડધું જમીન તૈયાર કરતી વખતે ખેડ સાથે ભેળવી દેવું, અને બાકીનું રોપણી વખતે ખાડાની માટી સાથે મેળવી પીલો રોપવો.

» છાણિયું ખાતર ન મળે તો લીલો પડવાશ કરવો. રોપણી વખતે છોડ દીઠ ૩૦૦ ગ્રામ દિવેલીનો ખોળ આપવો.

» રાસાયણિક ખાતર વાવેતર બાદ ત્રીજા, ચોથા અને પાંચમાં માસે છોડ દિઠ ૧૪૦ ગ્રામ યુરિયા, ૧૦૦ ગ્રામ મ્યુરેટ ઓફ પોટાશ આપવા. જયારે ૫૬૦ ગ્રામ સિંગલ ફોસ્ફેટ પ્રથમ હપ્તે જ આપી દેવું.

» ઘનીષ્ટ પદ્ધતિમાં વાવેતરનાં અંતરો ઘટાડવાથી નોંધપાત્ર વધારે ઉત્પાદનો મળ્યા છે. ઉપરાંત જમીન, પાણી, સૂર્યપ્રકાશ વિગેરેનો કાર્યક્ષમ ઉપયોગ થાય છે. આર્થિક રીતે ફાયદો થાય છે.

» દરેક ફળઝાડને સમયસર સેન્દ્રીય અને રાસાયણિક ખાતરો આપવા જોઈએ. ક્યા ખાતરો કેટલા પ્રમાણમાં આપવા તે ફળપાકની જાત, ઝાડની ઉંમર તથા જમીનના પ્રકાર ઉપર આધાર રાખે છે. જે માટે ચોમાસામાં લીલો પડવાશ કરવો સલાહ ભરેલ છે. છાણિયું ખાતર ચોમાસા પહેલા એક જ હપ્તે આપી જમીનમાં ભેળવી દેવું.

# સ્માર્ટ ફાર્મિંગ (સ્માર્ટ ખેતી) : દેશના લાખો ખેડૂતો માટે નવો અભિગમ

ખેતીમાં આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ ખેડૂતો માટે ફાયદાકારક બની શકે છે. સરકાર ખેડૂતોને જાગૃત કરવા અને નવી ટેકનોલોજી ખેડૂતો સુધી પહોંચાડવા માટે છેલ્લા ઘણા સમયથી પ્રયાસો કરી રહી છે. આ અંતર્ગત અનેક કાર્યક્રમો પણ ચલાવવામાં આવી રહ્યા છે. દેશમાં કૃષિ અને ખેડૂતોના વિકાસ માટે ટેકનોલોજીના ઉપયોગને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. ખેતીમાં નવા પ્રયોગો અને નવી ટેકનોલોજીના ઉપયોગ દ્વારા ઉત્પાદન વધારી શકાય છે, તેનાથી ખેડૂતોની આવકમાં વધારો થશે.

સ્માર્ટ ફાર્મિંગ એ એક ઉભરતી વિભાવના છે જે ઉત્પાદન દ્વારા જરૂરી માનવ શ્રમને ઑપ્ટિમાઇઝ કરતી વખતે ઉત્પાદનોની માત્રા અને ગુણવત્તા વધારવા માટે ઈન્ટરનેટ ઑફ થિંગ્સ (IOT) , રોબોટિક્સ, ડ્રોન અને કૃતિમ બુદ્ધિ (આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ) જેવી તકનીકોનો ઉપયોગ કરીને ખેતરોનું સંચાલન કરવાનો સંદર્ભ આપે છે.

**સ્માર્ટ ફાર્મ શું છે?**

સ્માર્ટ ફાર્મિંગ એ એક ઉભરતી વિભાવના છે જે જરૂરી માનવ શ્રમને શ્રેષ્ઠ બનાવવા માટે ઉત્પાદનોની માત્રા અને ગુણવત્તા વધારવા માટે આધુનિક માહિતી અને સંચાર તકનીકોનો ઉપયોગ કરીને ખેતરોનું સંચાલન કરવાનો સંદર્ભ આપે છે. હાલના ખેડૂતો માટે ઉપલબ્ધ તકનીકોમાં આ છે:

- સેન્સર: માટી, પાણી, પ્રકાશ, ભેજ, તાપમાન વ્યવસ્થાપન
- સૉફ્ટવેર: વિશિષ્ટ સોફ્ટવેર સોલ્યુશન્સ કે જે ચોક્કસ ફાર્મ પ્રકારોને લક્ષ્ય બનાવે છે અથવા કેસ અજ્ઞેયવાદીનો ઉપયોગ કરે છે.
- કનેક્ટિવિટી: સેલ્યુલર , લોરા , વગેરે.
- સ્થાન: જીપીએસ, સેટેલાઈટ, વગેરે.
- રોબોટિક્સ: સ્વાયત્ત ટ્રેક્ટર, ડ્રોન, પ્રોસેસિંગ સુવિધાઓ, વગેરે.
- ડેટા એનાલિટિક્સ: સ્ટેન્ડઅલોન એનાલિટિક્સ સોલ્યુશન્સ, ડાઉનસ્ટ્રીમ સોલ્યુશન્સ માટે ડેટા પાઈપલાઈન્સ, વગેરે.

**ભવિષ્યમાં આ ટેક્નોલોજીઓથી થતા ફાયદા :**

**સ્વાયત્ત અને રોબોટિક શ્રમ**

માનવ શ્રમને ઓટોમેશન સાથે બદલવાનું બહુવિધ ઉદ્યોગોમાં વધતું વલણ છે, અને કૃષિ પણ તેનો અપવાદ નથી. ખેતીના મોટાભાગના પાસાઓ અપવાદરૂપે શ્રમ-સઘન હોય છે, જેમાં મોટાભાગની શ્રમ પુનરાવર્તિત અને પ્રમાણિત કાર્યોથી બનેલી હોય છે-રોબોટિક્સ અને ઓટોમેશન માટે એક આદર્શ સ્થાન. અમે પહેલેથી જ કૃષિ રોબોટ્સ-અથવા AgBots-ને ખેતરોમાં દેખાવાનું શરૂ કરતા જોઈ રહ્યા છીએ અને વાવેતર અને પાણી આપવાથી લઈને લણણી અને વર્ગીકરણ સુધીના કાર્યો કરી રહ્યા છીએ. આખરે, સ્માર્ટ સાધનોની આ નવી લહેર ઓછી માનવશક્તિ સાથે વધુ અને ઉચ્ચ ગુણવત્તાવાળા ખોરાકનું ઉત્પાદન કરવાનું શક્ય બનાવશે.

**ડ્રાઇવરલેસ ટ્રેક્ટર :** ટ્રેક્ટર એ ફાર્મનું હાર્દ છે, જેનો ઉપયોગ ખેતરના પ્રકાર અને તેના આનુષંગિક સાધનોના રૂપરેખાના આધારે ઘણાં વિવિધ કાર્યો માટે થાય છે. સ્વાયત્ત ડ્રાઈવિંગ ટેકનોલોજીઓ આગળ વધી રહી છે, ટ્રેક્ટર રૂપાંતરિત થનારી કેટલીક પ્રારંભિક મશીનો બનવાની અપેક્ષા છે. પ્રારંભિક તબક્કામાં, ફિલ્ડ અને બાઉન્ડ્રી મેપ સેટ કરવા, પાથ પ્લાનિંગ સોફ્ટવેરનો ઉપયોગ કરીને શ્રેષ્ઠ ફિલ્ડ પાથ પ્રોગ્રામ કરવા અને અન્ય ઓપરેટિંગ શરતો નક્કી કરવા માટે માનવ પ્રયત્નોની હજુ પણ જરૂર પડશે.



**કૃષિ ડ્રોન :** પાક આરોગ્ય મૂલ્યાંકન, સિંચાઈ, પાકની દેખરેખ, પાક છંટકાવ, વાવેતર, જમીન અને ક્ષેત્ર વિશ્લેષણ અને અન્ય ક્ષેત્રો માટે જમીન-આધારિત અને હવાઈ ડ્રોનનો સમાવેશ કરવા માટે કૃષિ એ એક મુખ્ય વર્ટિકલ છે. છોડના આરોગ્ય સૂચકાંકો, છોડની ગણતરી અને ઉપજની આગાહી, છોડની ઊંચાઈ માપન, નીંદણના દબાણનું મેપિંગ વગેરે.

શ્રમ ઘટાડવો, ઉપજ અને કાર્યક્ષમતા વધારવી: કૃષિમાં સ્વાયત્ત રોબોટિક્સનો સમાવેશ કરવાનો મુખ્ય ખ્યાલ એ કાર્યક્ષમતા, ઉત્પાદન ઉપજ અને ગુણવત્તામાં વધારો કરતી વખતે મેન્યુઅલ લેબર પર નિર્ભરતા ઘટાડવાનો ધ્યેય છે. તેમના પૂર્વજોથી વિપરીત, જેમનો સમય મોટાભાગે ભારે મજૂરી દ્વારા લેવામાં આવતો હતો, ભવિષ્યના ખેડૂતો તેમનો સમય મશીનરીનું સમારકામ, રોબોટ કોડિંગ ડિબગ કરવા, ડેટાનું વિશ્લેષણ કરવા અને ખેતરની કામગીરીનું આયોજન કરવા જેવા કાર્યો કરવામાં પસાર કરશે.

ડો.આર.કે.કાલરીયા
૧. અસ્પી શકીલમ બાયોટેકનોલોજી ઈન્સ્ટીયુટ, નવસારી કૃષિ યુનિવર્સિટી, સુરત - ૩૯૫ ૦૦૭

**ચોકસાઇ ખેતી:** પ્રિસિઝન ફાર્મિંગ, અથવા પ્રિસિઝન એગ્રીકલ્ચર, IoT-આધારિત અભિગમો માટે એક છત્ર ખ્યાલ છે જે ખેતીને વધુ નિયંત્રિત અને સચોટ બનાવે છે. સાદા શબ્દોમાં કહીએ તો, છોડ અને પશુઓને જરૂરી સારવાર મળે છે, જે અતિમાનવીય ચોકસાઈ સાથે મશીનો દ્વારા નક્કી કરવામાં આવે છે. ક્ષેત્રની અંદરની ભિન્નતાઓને ચોક્કસ રીતે માપવાથી, ખેડૂતો જંતુનાશકો અને ખાતરોની અસરકારકતામાં વધારો કરી શકે છે અથવા તેનો પસંદગીપૂર્વક ઉપયોગ કરી શકે છે.

**પ્રિસિઝન પશુધન ખેતી :** ચોક્કસ ખેતીના કિસ્સામાં, સ્માર્ટ ફાર્મિંગ તકનીકો ખેડૂતોને વ્યક્તિગત પ્રાણીઓની જરૂરિયાતો પર દેખરેખ રાખવા અને તે મુજબ તેમના પોષણને સમાયોજિત કરવા માટે વધુ સારી રીતે સક્ષમ કરે છે, જેનાથી રોગ અટકાવે છે અને ટોળાના સ્વાસ્થ્યમાં વધારો થાય છે. મોટા ફાર્મ માલિકો તેમના પશુઓના સ્થાન, સુખાકારી અને આરોગ્ય પર નજર રાખવા માટે વાયરલેસ IoT એપ્લિકેશનનો ઉપયોગ કરી શકે છે. આ માહિતી સાથે, તેઓ બીમાર પ્રાણીઓને ઓળખી શકે છે, જેથી રોગના ફેલાવાને રોકવા માટે તેમને ટોળાથી અલગ કરી શકાય.

**સ્માર્ટ ગ્રીનહાઉસીસમાં ઓટોમેશન :** પરંપરાગત ગ્રીનહાઉસ મેન્યુઅલ હસ્તક્ષેપ અથવા પ્રમાણસર નિયંત્રણ પદ્ધતિ દ્વારા પર્યાવરણીય પરિમાણોને નિયંત્રિત કરે છે, જે ઘણીવાર ઉત્પાદનમાં ઘટાડો, ઉર્જા નુકસાન અને શ્રમ ખર્ચમાં વધારો થાય છે.IoT-સંચાલિત સ્માર્ટ ગ્રીનહાઉસ મેન્યુઅલ હસ્તક્ષેપની જરૂરિયાતને દૂર કરીને, હોશિયારીથી દેખરેખ રાખી શકે છે તેમજ આબોહવાને નિયંત્રિત કરી શકે છે. પાકની ચોક્કસ જરૂરિયાતો અનુસાર પર્યાવરણીય પરિમાણોને માપવા માટે વિવિધ સેન્સર તૈનાત કરવામાં આવે છે. તે ડેટા ન્યૂનતમ મેન્યુઅલ હસ્તક્ષેપ સાથે વધુ પ્રક્રિયા અને નિયંત્રણ માટે ક્લાઉડ-આધારિત પ્લેટફોર્મમાં સંગ્રહિત થાય છે. આ રીતે, કૃષિ અથવા સ્માર્ટ ફાર્મિંગમાં ટેકનોલોજીનો ઉપયોગ દેશના ખેડૂતો માટે ગેમ ચેન્જર સાબિત થઈ શકે છે. ખેતરમાં સ્થાપિત IoT ઉપકરણોએ પુનરાવર્તિત ચક્રમાં ડેટા એકત્રિત કરવો જોઈએ અને તેની પ્રક્રિયા કરવી જોઈએ જે ખેડૂતોને ઉભરતી સમસ્યાઓ અને આસપાસની પરિસ્થિતિઓમાં પરિવર્તન માટે ઝડપથી પ્રતિક્રિયા આપવા સક્ષમ બનાવે છે. સરકાર છેલ્લા ઘણા સમયથી આ માટે સતત પ્રયાસો કરી રહી છે અને તેના પરિણામો પણ સામે આવી રહ્યા છે કારણ કે દેશના ખેડૂતોની આવકમાં વધારો થયો છે. આધુનિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે સરકાર ડિજિટલ એગ્રીકલ્ચર મિશનનો અમલ કરી રહી છે. સ્માર્ટ ફાર્મિંગને પ્રોત્સાહન આપવા માટે, સરકાર કૃષિ ક્ષેત્રમાં સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપે છે અને કૃષિ-ઉદ્યોગ સાહસિકોનું પાલનપોષણ કરે છે. ગ્રાહકો, સમાજ અને બજાર સભાનતા માટે અત્યંત પારદર્શક ખેતીમાં વધારો કરી શકે છે.

# લીંબુની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ

**પ્રસ્તાવના**

લીંબુ વર્ગના મોટા ભાગના ફળોમાં લીંબુનો પાક અગત્યનું સ્થાન ધરાવે છે. ભારતમાં શીત-કટિબંધના પ્રદેશો સિવાય ઉષ્ણ અને સમશીતોષ્ણ કટિબંધના બધા જ રાજ્યમાં વત્તા—ઓછા પ્રમાણમાં વાવેતર થાય છે. ભારતમાં આંધ્રપ્રદેશ, ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્યમાં વ્યાપારિક ધોરણે લીંબુની ખેતી થાય છે. ગુજરાત રાજ્ય ખાટા લીંબુની ખેતી માટે દેશમાં પ્રથમ સ્થાન ધરાવે છે. આપણા રાજ્યમાં લીંબુની ખેતી કરતા જિલ્લાઓમાં મહેસાણા, ભાવનગર, આણંદ, ગાંધીનગર અને અમદાવાદ મુખ્ય છે. આ સિવાયના ભારે વરસાદ વિનાના તમામ જિલ્લાઓમાં વત્તા—ઓછા પ્રમાણમાં તેનું વાવેતર કરવામાં આવેછે. લીંબુના ફળ ઔષધીય દ્રષ્ટિએ મહત્વ ધરાવે છે. લીંબુનો રસ કફ, આંખને હિતકારી, અતિ રૂચિકર, વાયુ, ઉધરસ, ઉલ્ટી, પિત્ત, આમવાત, કંઠરોગ, આમવાત તથા પેટના કૃમિનો નાશ કરે છે. લીંબુના સેવનથી હાડકાના સ્કર્વી નામનો રોગ, હૃદય રોગ, કેન્સર અને અજીર્ણના ઉપચાર કરી શકાય છે. આ ઉપરાંત લીંબુનો પાક ઔદ્યોગિક દ્રષ્ટિએ મહત્વનો છે. આ ઉપરાંત અથાણાં, લીંબુનો રસ, જામ, જેલી, માર્મલેડ, ઘટ્ટ રસ, લીંબુના ફૂલ, વિનેગાર જેવા ઉદ્યોગોના વિકાસમાં આ પાકનો ફાળો મુખ્ય છે. તદ્ઉપરાંત અનેક પ્રકારના સૌંદર્ય પ્રસાધનો, પરફ્યુમ, પોટ્પોરી વિગેરે લીંબુના રસ અને ફળની છાલમાંથી બનાવવામાં આવે છે.

**હવામાન અને જમીન :**

લીંબુના પાકને સમપ્રમાણ ઠંડી અને ગરમી માફક આવે છે. જયાં હવામાન સૂકું હોય તેમજ વરસાદ વધુ પડતો ન હોય તેવા વિસ્તારોમાં લીંબુની ખેતી સફળતાપૂર્વક થઈ શકે છે. વધારે પડતા ભેજવાળા હવામાનમાં તેમજ વધારે વરસાદ પડતો હોય તેવા વિસ્તારોમાં રોગ—જીવાતનું પ્રમાણ વધે છે. ખાસ કરીને બળિયા ટપકાં અને ગુંદરીયો રોગ લાગુ પડે છે. આ પાકને ફળદ્રુપ સારા નિતારવાળી આશરે ૧—૨ મીટર જેટલી ઊંડાઈવાળી, ગોરાડુ અને બેસર તેમજ મધ્યમ કાળી જમીન વધારે અનુકૂળ છે. જે જમીનનો પી. એચ. આંક ૫.૫ થી ૭.૦ ની વચ્ચે હોય તેવી જમીન સારી ગણાય છે. **(ક્રમશઃ)**

ડો. જે.એસ. પરસાણા, ડો. શિવાની પટેલ, ડો. એચ.એન. પટેલ અને ડો. બી.વી. હુંમર બાગાયત મહાવિદ્યાલય, જૂનાગઢ કૃષિ વિશ્વવિદ્યાલય, જૂનાગઢ



# મને મોદી-યોગીના નામ લેવા માટે બળજબરી કરવામાં આવી હતી : સાધ્વી પ્રજ્ઞા ઠાકુર

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૩



માલેગાંવ બ્લાસ્ટ કેસમાં નિર્દોષ જાહેર થયા બાદ, સાધ્વી પ્રજ્ઞા સિંહ ઠાકુરે કેસની તપાસ કરી રહેલા અધિકારીઓ પર ગંભીર આરોપ લગાવ્યા છે. મુંબઈમાં મીડિયા સાથે વાત કરતા તેમણે કહ્યું કે તેમને વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, આરએસએસ વડા મોહન ભાગવત અને ભાજપ નેતા રામ માધવ જેવા નામ લેવાની ફરજ પાડવામાં આવી હતી, જેથી તેમને વિસ્ફોટ સાથે જોડી શકાય. સાધ્વી પ્રજ્ઞાએ કહ્યું કે મને માનસિક અને શારીરિક રીતે ત્રાસ આપવામાં આવ્યો હતો. ત્રાસ એટલો બધો હતો કે મારા ફેફસા પણ ખરાબ થઈ ગયા. મને હોસ્પિટલમાં પણ ગેરકાયદેસર કસ્ટડીમાં રાખવામાં આવી હતી. તેમણે કહ્યું કે અધિકારીઓએ તેમના પર ખોટા નિવેદનો આપવા દબાણ કર્યું, પરંતુ તે ખોટું ન બોલ્યા. સાધ્વીએ કહ્યું કે ધર્મનો વિજય થયો છે. સાંસદ પ્રજ્ઞા ઠાકુરે કહ્યું કે સત્યનો વિજય થયો છે. ધર્મ અને સત્ય અમારી બાજુમાં હતા, તેથી અમારી જીત નિશ્ચિત હતી. મેં પહેલા 'સત્યમેવ જયતે' કહ્યું હતું અને આજે તે સાબિત થઈ ગયું છે. વિધર્મીઓ અને દેશદ્રોહીઓના ચહેરા કાળા કરી દીધા છે, તેમને યોગ્ય જવાબ મળ્યો છે.

# ગાઝામાં પેલેસ્ટિનિયનો ખોરાક માટે ભેગા થતા જ ઈઝરાયલનો ગોળીબાર : ૧૦ લોકોના મોત

દેઈર અલ-બલાહ,તા.૩



ગાઝામાં ખોરાક મેળવવા માટે ભેગા થયેલા ભૂખ્યા પેલેસ્ટિનિયનો પર ગોળીબારમાં ૧૦ લોકો માર્યા ગયા હતા. ભૂખ્યા પેલેસ્ટિનિયનો ખોરાક લેવા માટે ભેગા થયા હતા ત્યારે ઈઝરાયલી દળોએ ઈઝરાયલી સમર્થિત ગાઝા હ્યુમેનિટેરિયન ફાઉન્ડેશન દ્વારા સંચાલિત બે સહાય વિતરણ કેન્દ્રો નજીક ગોળીબાર કર્યો હોવાના અહેવાલ છે. આ ગોળીબારમાં ઓછામાં ઓછા ૧૦ લોકો માર્યા ગયા હતા. આરોગ્ય અધિકારીઓએ શનિવારે આ માહિતી આપી હતી. તે જ સમયે, ઈઝરાયલી સેનાએ ગોળીબારનો ઈનકાર કર્યો છે. લગભગ એક અઠવાડિયા પહેલા, ઈઝરાયલે ભૂખે મરતા બાળકોની વધતી જતી ઘટનાઓ વચ્ચે આંતરરાષ્ટ્રીય દબાણ વચ્ચે ગાઝામાં ૨૦ લાખથી વધુ લોકોને ખોરાક પહોંચાડવાના હેતુથી મર્યાદિત માનવતાવાદી સહાય અને હવાઈ સહાયની જાહેરાત કરી હતી. પરંતુ સંયુક્ત રાષ્ટ્ર, ભાગીદારો અને પેલેસ્ટિનિયનો કહે છે કે હજુ પણ ખૂબ ઓછી સહાય આવી રહી છે, ગાઝાની બહાર મહિનાઓથી પુરવઠો જમા થઈ રહ્યો છે અને ઈઝરાયલી મંજૂરીની રાહ જોઈ રહ્યા છે. ઈઝરાયલી સેનાએ જણાવ્યું કે ગોળીબાર અંગે કોઈ માહિતી નથી.

# ચૂંટણી પંચ તેની સત્તાનો દુરુપયોગ કરી રહ્યું છે, તેનો રાજકીય અને કાનૂની વિરોધ જરૂરી : ચિદમ્બરમ

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૩

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ ગૃહમંત્રી પી. ચિદમ્બરમે બિહારમાં મતદાર યાદીની સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન પ્રક્રિયા અંગે ચૂંટણી પંચ પર ગંભીર આરોપો લગાવ્યા છે. તેમણે કહ્યું કે કમિશન રાજ્યોના ચૂંટણી માળખા અને મતદાર માળખામાં ફેરફાર કરવાનો પ્રયાસ કરી રહ્યું છે, જે અધિકારોનો ×દુરુપયોગ× છે અને તેનો રાજકીય અને કાયદેસર રીતે વિરોધ થવો જોઈએ. પી. ચિદમ્બરમે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટમાં લખ્યું છે કે બિહારમાં ૬૫ લાખ મતદારો તેમના મતાધિકારથી વંચિત રહી શકે છે, જ્યારે તમિલનાડુમાં ૬.૫ લાખ નવા મતદારો ઉમેરવાના અહેવાલો ચિંતાજનક અને ગેરકાયદેસર છે. તેમણે કહ્યું, 'આ લોકોને કાયમી રીતે સ્થળાંતરિત કહેવું એ સ્થળાંતરિત કામદારોનું અપમાન છે.

# ભાવનગરથી અયોધ્યા સુધી સાપ્તાહિક ટ્રેનનો કેન્દ્રિયમંત્રી અશ્વિની વૈષ્ણવનાં હસ્તે પ્રારંભ

ભાવનગર,તા.૦૩



સૌરાષ્ટ્રવાસીઓને અયોધ્યા જવા માટે વધુ એક ટ્રેનની સુવિધા મળી છે. ભાવનગરથી અયોધ્યા કેન્ટ સ્ટેશન સુધીની સાપ્તાહિક ટ્રેનનો આજે કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવના હસ્તે પ્રારંભ કરાયો છે. ૧૧ ઓગસ્ટથી આ ટ્રેન ભાવનગર અયોધ્યા વચ્ચે નિયમિત દોડશે. ભાવનગરથી અયોધ્યા પહોંચતા અંદાજિત ૨૯ કલાક જેટલો સમય લાગશે. ભાવનગર આવેલા કેન્દ્રીય રેલવેમંત્રી અશ્વિની વૈષ્ણવ અને કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા દ્વારા ભાવનગરમાં બે નવા રેલવે અને પોર્ટ કન્ટેનર ટર્મિનલ બનાવવાની જાહેરાત કરવામાં આવી છે. આ ઉપરાંત પોરબંદર-રાજકોટ વાયા વાંસજાળિયા અને જેતલસર થઈને બે નવી ટ્રેન શરૂ કરવાની મંજૂરી આપવામાં આવશે. આ પૈકી એક ટ્રેન દરરોજ અને બીજી ટ્રેન અઠવાડિયામાં પાંચ દિવસ ચાલશે. આ ટ્રેન શરૂ થતા રાજકોટ, જૂનાગઢ અને પોરબંદર જિલ્લાના લોકોને લાભ થશે. ભાવનગરમાં યોજાયેલા કાર્યક્રમમાં સૌરાષ્ટ્રના અન્ય રેલવેના વિકાસ કામોની પણ જાહેરાત કરવામાં આવી છે.

# ઉપરાષ્ટ્રપદની ચૂંટણીને લઈ વિપક્ષ દ્વારા બેઠક બોલાવવામાં આવી

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૩

બિહાર ચૂંટણી અને એસઆઈઆર જેવા મુદ્દાઓ પર સરકાર પર દબાણ લાવવા માટે વિપક્ષ સંસદમાં સતત વિરોધ પ્રદર્શન કરી રહ્યું છે. હવે રાહુલ ગાંધીએ ઈન્ડિયા એલાયન્સના નેતાઓને રાત્રિભોજન માટે આમંત્રણ આપ્યું છે. આ બેઠક ૭ ઓગસ્ટે યોજાશે અને ૮ ઓગસ્ટે ઈન્ડિયા એલાયન્સના નેતાઓ સંસદથી ચૂંટણી પંચ સુધી કૂચ પણ કરશે. આ બેઠકના એજન્ડામાં ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીનો પણ સમાવેશ થાય છે. જગદીપ ધનખડના રાજીનામા પછી, જ્યારે એનડીએ ઉપરાષ્ટ્રપતિ પદ માટે ઉમેદવાર શોધી રહ્યું છે, ત્યારે ઈન્ડિયા એલાયન્સ પણ એક મજબૂત ઉમેદવાર શોધી રહ્યું છે.

ઈન્ડિયા એલાયન્સના એક વરિષ્ઠ નેતાએ જણાવ્યું છે કે આ વખતે વિપક્ષ એવા ઉમેદવારની શોધમાં છે જે ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીને રસપ્રદ બનાવે.

# મોટી કુંકાવાવ ખાતે ખોડલધામ રથનું ભવ્ય સ્વાગત, મહા આરતી યોજાઈ

**બહોળી સંખ્યામાં કુંકાવાવના લોકો આરતીમાં જોડાયા**

અમરેલી,તા.૦૩



ખોડલધામ કાગવડ દ્વારા સર્વ સમાજ માટે નિર્મિત કેન્સર હોસ્પિટલના લાભાર્થે મા ખોડલના રથનું કુંકાવાવ ખાતે આગમન થતાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. કુંકાવાવ શહેરના તમામ વિસ્તારમાં શોભાયાત્રા કાઢવામાં આવી હતી. આ આરતીમાં બાવકુભાઈ ઊંધાડ, મનીષભાઈ સંઘાણી, વસંતભાઈ મોવલિયા, પ્રેમજીભાઈ ડોબરીયા, કાગવડથી ગોપાલભાઈ રૂપાપરા, અમરેલી જિલ્લા ખોડલધામ સમિતિના કન્વીનર રમેશભાઈ કાથરોટીયા, સુરેશભાઈ દેસાઈ, જે.પી. માલવિયા, ડોક્ટર રામાણી, અરવિંદભાઈ ડોબરીયા, રાજુભાઈ ગઢીયા, ગણપતભાઈ સેંજલિયા, રામભાઈ ગજેરા, રાજુભાઈ ફીણવિયા, વિશાલભાઈ પડશાલા તથા બહોળી સંખ્યામાં કુંકાવાવના લોકો આરતીમાં જોડાયા હતા.

# ભારે વરસાદને કારણે અમરનાથ યાત્રા એક અઠવાડિયું વહેલી સમાપ્ત કરવી પડી

(એચ.એસ.એલ),જમ્મુ,તા.૩



પર્વતોની સાથે, મેદાની વિસ્તારોમાં પણ ચોમાસાએ તબાહી મચાવી છે. મુશળધાર વરસાદ પડી રહ્યો છે, જેના કારણે જમીન પર તબાહી મચી રહી છે. વરસાદને કારણે, ઘણી જગ્યાએ રસ્તો તૂટી જવાને કારણે અમરનાથ યાત્રા સમય કરતા એક અઠવાડિયા પહેલા સમાપ્ત કરવી પડી. શનિવારે વહેલી સવારે જમ્મુ અને કાશ્મીરના કઠુઆ અને ઉધમપુરમાં મુશળધાર વરસાદ અને ભૂસ્ખલનને કારણે બે પુલ તૂટી પડ્યા અને પાંચ મકાનોમાં તિરાડો પડી ગઈ. ઉત્તરાખંડના ચમોલીમાં એક જળવિદ્યુત પ્રોજેક્ટમાં ભૂસ્ખલનમાં ૧૨ કામદારો ઘાયલ થયા. હિમાચલમાં ચાર રાષ્ટ્રીય ધોરીમાર્ગો સહિત ૩૮૭ રસ્તાઓ બંધ છે. તે જ સમયે, પંજાબ, રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં બગડતી પૂરની પરિસ્થિતિ વચ્ચે સેનાએ રાહત અને બચાવ કામગીરી વધુ તીવ્ર બનાવી દીધી છે. કાશ્મીરના ડિવિઝનલ કમિશનર વિજય કુમાર બિધુરીએ જણાવ્યું હતું કે તાજેતરના ભારે વરસાદને કારણે શ્રી અમરનાથજી યાત્રાના બંને રૂટ, બાલતાલ અને પહેલગામને ભારે નુકસાન થયું છે.

# મોરવાડના યુવાન માટે રક્તદાન કેમ્પનું આયોજન: ૧૮૦ બોટલ બ્લડ એકત્ર કરવાનો લક્ષ્યાંક

કોડીનાર,તા.૦૩

કોડીનાર તાલુકાના મોરવાડ ગામમાં એક યુવાનના જીવનને બચાવવા માટે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. મોરવાડ ગામના યુવાન શોહિલગીરી નરવાણગિરી ગોસ્વામી જી.બી.એસ. (GBS) નામના વાયરસથી ગંભીર રીતે બીમાર છે અને હાલમાં જૂનાગઢની હોપ હોસ્પિટલમાં દાખલ છે. ડોકટરોના જણાવ્યા મુજબ, તેમને સારવાર માટે ૧૦૦ બોટલ પ્લાઝમાની તાત્કાલિક જરૂર છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, સમસ્ત મોરવાડ ગામ અને ગ્રામ પંચાયત ઓફિસ દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં ૧૮૦ બોટલ બ્લડ એકત્ર કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે, જેથી શોહિલગીરીને જરૂરી પ્લાઝમા મળી રહે. ગ્રામ પંચાયતના સરપંચ અને તલાટી મંત્રીએ ગામના તમામ લોકોને ભાવભરી અપીલ કરી છે કે, મંગળવાર, તા. ૫ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ સવારે ૮:૩૦ વાગ્યાથી બપોરે ૩:૦૦ વાગ્યા સુધી ગ્રામ પંચાયત ઓફિસ ખાતે આવીને વધુમાં વધુ રક્તદાન કરી આ યુવાનના જીવનને બચાવવામાં મદદરૂપ થાય. રક્તદાન કરવા ઈચ્છતા લોકોએ અગાઉથી આ નંબર (૯૯૦૯૭૫૪૬૦૬, ૯૨૭૪૯૧૭૨૧૭) પર ફોન કરવો.

# પાકિસ્તાનમાં ૪.૮ તીવ્રતાનો ભૂકંપ આવતા લોકો ઘરની બહાર દોડ્યા

ઈસ્લામાબાદ,તા.૩

પાકિસ્તાનમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. મધ્યરાત્રિ પછી પાકિસ્તાનના કેટલાક ભાગોમાં ભૂકંપ આવ્યો છે. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૮ માપવામાં આવી હતી. ભારતીય સમય મુજબ, પાકિસ્તાનમાં બપોરે ૧૨:૪૦:૩૧ વાગ્યે ભૂકંપ આવ્યો હતો. આ ભૂકંપ ૧૦ કિલોમીટરની ઊંડાઈએ આવ્યો હતો. આ ભૂકંપથી ખૈબર પખ્તુનખ્વા, પંજાબ અને ઈસ્લામાબાદ જેવા વિસ્તારો પ્રભાવિત થયા છે. મોડી રાત્રે આવેલા ભૂકંપના ભયથી લોકો પોતાના ઘરોમાંથી બહાર નીકળી ગયા હતા. જોકે, અત્યાર સુધી કોઈ જાનહાનિ કે સંપત્તિને ખતરો નથી.

આ ઘટના શનિવારે પાકિસ્તાનના કેટલાક ભાગોમાં આવેલા શક્તિશાળી ભૂકંપના થોડા કલાકો પછી બની હતી. શનિવારે પાકિસ્તાનમાં ૫.૪ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો.

# કોડીનારમાં મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે નિ:શુલ્ક નેત્ર નિદાન શિબિર યોજાઈ

કોડીનાર,તા.૦૩



તસવીર : ધર્મેશ પાઠક

અંબુજા ફાઉન્ડેશન અને સુદર્શન નેત્રાલયના સંયુક્ત ઉપક્રમે કોડીનારમાં આવેલી મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે વિદ્યાર્થિનીઓ માટે એક નિ:શુલ્ક આંખ તપાસ શિબિરનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિર દરમિયાન નિષ્ણાત ડૉક્ટરો દ્વારા શાળાની કુલ ૭૮૩ વિદ્યાર્થિનીઓની આંખોની પ્રાથમિક તપાસ કરવામાં આવી હતી. આ તપાસમાં ૭૨ વિદ્યાર્થિનીઓને આંખના નંબર (Refractive Errros) પોઝિટિવ આવ્યા હતા. જે વિદ્યાર્થિનીઓને આંખના નંબર આવ્યા હતા, તેમને સ્થળ પર જ નિ:શુલ્ક ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ શાળાના આચાર્યા અને શિક્ષક મંડળના સહયોગથી સુંદર રીતે સંપન્ન થયો હતો.

# કોડીનાર તાલુકાના ડોળાસા ગામે રહેણાકી વિસ્તારમાંથી દીપડાને પાંજરે પુર્યો

ડોળાસા,તા.૦૩



તસવીર : અનીલ કાનાબાર

કોડીનાર તાલુકાના ડોળાસા ગામના નવાપરા વિસ્તારમાં આવેલા ભરતભાઈ બી. રાઠોડના ડેલામાંથી એક દીપડાને પાંજરે પુર્યો હતો. હજુ બે દીપડા અહી હોવાનું આ જગ્યાના માલિકે જણાવ્યું હતું. હાલના સમયમાં ડોળાસા વિસ્તારના અડવી, બોડીદર, સોનપરા, ફાફણી, માલગામ, પાંચ પીપળવા, કાણકિયા, વેળવા વિગેરે ગામોમાં રાની પશુઓએ ધામા નાખ્યા છે. અને હવે તો ગામમાં ઘૂસી મારણ કરવા લાગ્યા છે. તેમાંય કાણકિયા ગામે એક વૃદ્ધાને જંગલી જાનવરે ફાડી ખાતા લોકોમાં ભારે ફફડાટ ફેલાયો છે. ડોળાસા ગામના નવાપરા વિસ્તારમાં ભરતભાઈ ભગવાનભાઈ રાઠોડના ઢોરવાડામાંથી એક દીપડાને પાંજરે પુર્યો હતો.

આ જગ્યાના માલિક મુજબ, હજુ બે દીપડા આ ડેલામાં છે. આ રહેણાંકી વિસ્તાર હોય લોકોમાં ભારે ભય જોવા મળી રહ્યો છે. દીપડાને પાંજરે પુરવામાં ફોરેસ્ટ વિભાગના સોલંકી મહેશભાઈ પરમાર, મનદીપભાઈ મોરી, જીતેશભાઈ મોરીએ જહેમત ઉઠાવી હતી.

# ધોરાજીના વેગડી પાસે ભાદર નદીના પુલ પર મોટા બમ્પથી વાહનચાલકોને પરેશાની વધી

ધોરાજી,તા.૦૩



તસવીર : નયન કુહાડીયા

ગુજરાતમાં તાજેતરમાં એક પુલ દુર્ઘટના બાદ સમગ્ર રાજ્યના નબળા પડી ગયેલા વિવિધ પુલને બંધ કરવા માટે સરકારે તજવીજ હાથ ધરી હતી. જેમાં ધોરાજી તાલુકાના વેગડી ગામ પાસે આવેલ ભાદર નદીના ઓવરબ્રિજને પણ તંત્ર દ્વારા ભારે વાહનો માટે બંધ કરી દેવામાં આવેલ છે. જ્યારે નાના વાહનોને પુલ પરથી પસાર થવા માટે ખુલ્લો રખાયો છે. પુલના બંને છેડા પર રોડ ઓથોરિટી દ્વારા નાના વાહનચાલકો માટે જાણે પર્વત સમાન હોય તે પ્રકારે બમ્પ બનાવવામાં આવેલ છે. જેમાં બમ્પ પર સફેદ કલરના પટ્ટા મારવા, તેની ઊંચાઈ અને પહોળાઈનું ધ્યાન રાખવું જેવા કોઈ પણ નિયમની પરવા કર્યા વિના આડેધડ બમ્પ બનાવી દેવામાં આવતા વાહનચાલકો માટે આ જોખમ સમાન બની ગયા છે. નાની કાર હોય તો કારની નીચેના ભાગને નુકસાન થાય છે તે પ્રકારે અણઘડ રીતે બમ્પ બંને તરફ બનાવવામાં આવતા લોકોને મુશ્કેલી વધી છે. આમ, પુલની બંને તરફના બમ્પને નાના વાહનોને અનુરૂપ નાની સાઈઝના બનાવી તેના પર સફેદ પટ્ટા મારી રેડિયમની લાઈટો લગાવી લોકોનું ધ્યાન પડે તે પ્રકારે કરવા જોઈએ તેવી વાહનચાલકોની માગણી છે.

# અમરેલી જિલ્લામાં સિહબાળના મોત અંગે ગાંધીનગરથી વન વિભાગ દ્વારા તપાસ

ગાંધીનગર,તા.૦૩




અમરેલી જિલ્લામાં એક પછી એક બાળ સિંહોના મૃત્યુ થતાં ચકચાર મચી જવા પામી છે. આ ગંભીર ઘટનાને પગલે રાજ્યભરમાંથી ઘેરા પ્રત્યાઘાતો પડતાં ગાંધીનગરથી વન વિભાગની એક ઉચ્ચ સ્તરીય ટીમ તાત્કાલિક ધોરણે તપાસ માટે અમરેલી પહોંચી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, પ્રિન્સિપલ ચીફ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ (PCCF) જયપાલસિંહની આગેવાનીમાં આ તપાસ હાથ ધરવામાં આવી રહી છે. તેમની સાથે જૂનાગઢના ચીફ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ (CCF) રામરતન નાલા પણ તપાસમાં જોડાયા છે. આ ટીમ હાલ જાફરાબાદ રેન્જ બાદ રાજુલાના ઝાંઝરડા એનિમલ કેર સેન્ટર ખાતે પહોંચી છે, જ્યાં બાળ સિંહોના મૃત્યુ થયા હતા. ઉલ્લેખનીય છે કે, પ્રાથમિક પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં બાળ સિંહોના મોતનું કારણ એનિમિયા અને ન્યુમોનિયા હોવાનું જાહેર કરવામાં આવ્યું હતું. જોકે, સ્થાનિક કક્ષાએ એવી વાતો વહેતી થઈ હતી કે વન વિભાગના સ્થાનિક અધિકારીઓ આ મૃત્યુ પાછળના સાચા કારણો છુપાવી રહ્યા છે. આ વાતને ગંભીરતાથી લઈ ઉચ્ચ અધિકારીઓ ખુદ તપાસ માટે દોડી આવ્યા છે.

# રાજુલાના માંડરડી ગામે સિંહણનો મૃતદેહ મળ્યો, કુદરતી મોતની આશંકા

અમરેલી,તા.૦૩

અમરેલી જિલ્લામાં સિંહોની જાણે માટી દશા બેઠી હોય તેમ ટપોટપ સિંહો મોતને ભેટી રહ્યા છે. હજુ થોડા દિવસો પહેલા જ જાફરાબાદના કાગવદર ગામે ત્રણ સિંહબાળના મોત થયા બાદ શનિવારના રોજ એક સિંહણનું મોત નિપજ્યું હતું. જોકે સિંહણનું આ મોત કુદરતી માનવામાં આવી રહ્યું છે. અમરેલી જિલ્લાના રાજુલા- જાફરાબાદ પંથકમાં છેલ્લા ૪ દિવસમાં ૩ સિંહબાળ મળી ૧ સિંહણનું મૃત્યુ થયું છે. સિંહબાળના મોતની તપાસ માટે ગાંધીનગરથી વન વિભાગની ઉચ્ચતરીય તપાસ ટીમ આવી પહોંચતા તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે ત્યારે આ સિંહબાળના મોતની તપાસ વચ્ચે રાજુલા રેન્જના માંડરડી ગામે એક ૪ થી ૫ વર્ષની સિંહણનું મૃત્યુ થયું હતું. જોકે આ મૃત્યુને કુદરતી માનવામાં આવી રહ્યું છે. આમ, છેલ્લા થોડા દિવસોમાં જ રાજુલા- જાફરાબાદ રેન્જમાં સિંહોના મોતથી સિંહપ્રેમીઓમાં અરેરાટી સાથે ભારે રોષ ફેલાયો છે.

**સિંહોના મોતથી સિંહપ્રેમીઓમાં રોષ સાથે અરેરાટી પ્રસરી**

# અમદાવાદના જશોદાનગરમાં અમૂલના નામે નકલી ઘી વેચાતું હોવાનો પર્દાફાશ

અમદાવાદ,તા.૦૩




અમદાવાદમાં અમુલના નામે નકલી ઘી વેચાતું હોવાની શંકાના આધારે મ્યુનિસિપલ કોર્પોરેશનના ફુડ વિભાગે જશોદાનગર વિસ્તારમાં આવેલા ચારભૂજા કિરાણા સ્ટોર્સ ખાતે આ વર્ષના આરંભે ફેબ્રુઆરી મહિનામાં તપાસ કરી હતી. તપાસમાં અમૂલ શુધ્ધ ઘીના લેબલ સાથે નકલી ઘી વેચાતું હોવાનું જોવા મળતા ૧૫ કિલોના સાત ઘીના ડબ્બા સીઝ કરાયા હતા. ઘીના લેવાયેલા સેમ્પલ વડોદરા ખાતે તપાસમાં મોકલાયા હતા. આ સેમ્પલના રિપોર્ટ સબસ્ટાન્ડર્ડ આવતા ફુડ વિભાગે અમૂલને જાણ કરી હતી. અમૂલ દ્વારા જશોદાનગર ખાતે આવેલા શ્રી ચારભૂજા કિરાણા સ્ટોર્સ ઉપરાંત ખોખરા વિસ્તારમાં આવેલા હાર્દિક ટ્રેડર્સના પ્રોપરાયટર સામે પોલીસ ફરિયાદ નોંધવા અંગે વટવા જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશનમાં અરજી કરી છે એવું જાણવા મળ્યું છે.

# ગોંડલના બિલીયાળા ગામે ખેતરમાં મોટર ચાલુ કરવા જતાં વીજકરંટ લાગતા પિતા-પુત્રનું કરૂણ મોત

(એચ.એસ.એલ),રાજકોટ,તા.૩





ગોંડલ તાલુકાના બિલીયાળા ગામે વીજકરંટ લાગતાં પિતા-પુત્રના કરૂણ મોતની એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. ખેતરના કૂવામાં પાણી ભરવા માટે મોટર ચાલુ કરવા જતાં આ બનાવ બન્યો હોવાની પ્રાથમિક વિગતો સામે આવી છે, જેથી સમગ્ર ગામમાં શોકનો માહોલ સર્જાયો છે, ખાસ કરીને રક્ષાબંધનના તહેવાર પહેલાં બે બહેનોના એકમાત્ર ભાઈનું મોત થતાં પરિવારમાં હૈયાફાટ રૂદન ફાટી નીકળ્યું છે. ત્યારે અન્ય ખેડૂતો માટે પણ આ કિસ્સો એક ચેતવણીરૂપ બન્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, બિલીયાળા ગામની સીમમાં આવેલી એક વાડીમાં ભીખાભાઈ ભોવનભાઈ હિરપરા અને તેમના પુત્ર ક્રિસ હિરપરા ખેતરમાં કૂવાની મોટર ચાલુ કરવા ગયા હતા. આ દરમિયાન ઓરડીમાં જોરદાર વીજકરંટ લાગતાં બંને ફંગોળાઈ ગયા અને ઘટનાસ્થળે જ તેઓ મોતને ભેટ્યા હતા. થોડા સમય બાદ સમગ્ર પંથકમાં વાયુ વેગે આ સમાચાર ફેલાયા, જેની જાણ પોલીસને થતા જ, ગોંડલ તાલુકા પોલીસ અને પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ગોંડલ સરકારી હોસ્પિટલ ખસેડ્યા હતા. પોલીસે આ ઘટના અંગે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને વીજકરંટનું કારણ જાણવા તપાસ શરૂ કરી છે.

# મોરબીમાં ખાનગી ગરબા ક્લાસિસ સામે પાટીદાર સમાજે બાંયો ચડાવી

મોરબી,તા.૦૩




મોરબીમાં હવે પાટીદાર સમાજે ખાનગી ગરબા ક્લાસિસ સામે બાંયો ચડાવી છે અને આવા ક્લાસિસ બંધ કરાવવાની માગ કરી છે. ગરબા ક્લાસિસના નામે અન્ય પ્રવૃત્તિઓ થતી હોવાના અને આવારા તત્વો યુવતીઓને ફસાવતા હોવાના આક્ષેપ થઈ રહ્યા છે. પરંપરાગત ગરબા છોડીને ફિલ્મી ગીતોને આધારે ગરબા કેવી રીતે હોઈ શકે? મૂળ પ્રાચીન ગરબાઓ ભૂલાવીને ભારતીય પરંપરા ખોવાઈ રહી છે. પાટીદાર જનક્રાંતિ સભા થકી ખાનગી ગરબા ક્લાસિસનો વિરોધ કરાયો છે. જો કે ગરબા ક્લાસિસમાં જતા લોકો અને ક્લાસિસના સંચાલકોએ આ નિર્ણય સામે સખ્ત વિરોધ નોંધાવ્યો છે.

# આજથી ૯ ઓગષ્ટ સુધી રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી

**અમરેલી જિલ્લામાં પણ છૂટાછવાયા સ્થળે વરસાદ પડશે : હવામાન વિભાગ**

ગાંધીનગર,તા.૦૩



રાજ્યમાં થોડા દિવસથી વરસાદનું જોર ઘટ્યું છે, ત્યારે રાજ્યભરમાં ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. તેવામાં હવામાન વિભાગે આગામી ૯ ઓગસ્ટ સુધી ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગની આગાહી મુજબ, રાજ્યમાં ૪ અને ૫ ઓગસ્ટના રોજ બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, મહેસાણા, અરવલ્લી, ગાંધીનગર, મહીસાગર, દાહોદ, પંચમહાલ, વડોદરા, આણંદ, ભરૂચ, છોટા ઉદેપુર, નર્મદા, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ જિલ્લાના અનેક સ્થળોએ, મોરબી, સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ગીર સોમનાથ, ભાવનગર, બોટાદ જિલ્લાના અમુક સ્થળોએ અને કચ્છના છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે.

# વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીની હોસ્ટેલમાં અપાતા શાકમાં ઈયળો નીકળતા વિદ્યાર્થીઓમાં હોબાળો

વડોદરા,તા.૦૩



વડોદરાની એમ. એસ. યુનિવર્સિટી ફરી એકવાર વિવાદમાં આવી છે. જેમાં યુનિવર્સિટીની બોયઝ હોસ્ટેલના મેસના ભોજનમાં જીવાત નીકળી હતી તથા હોસ્ટેલમાં અપાતા શાકમાંથી ઈયળો નીકળી હતી. વિદ્યાર્થીઓએ ભોજનને લઈ આક્રોશ સાથે હંગામો મચાવ્યો હતો. મેસ સંચાલકે સમગ્ર મામલે મૌન ધારણ કરતા વિદ્યાર્થીઓનો હોબાળો થયો હતો. જેમાં બોયઝ હોસ્ટેલની મેસના શાકમાંથી મરેલી ઈયળો નીકળી છે. આ મામલે હોસ્ટેલના વોર્ડને મેસના કોન્ટ્રાક્ટર સાથે ફોન પર વાત કરી હતી. વિદ્યાર્થીઓનો આક્રોશ એ વાત પર છે કે વારંવાર આવી ઘટનાઓ બનવા છતાં તંત્ર દ્વારા કોઈ કડક કાર્યવાહી કરવામાં આવતી નથી.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પોતાના મતવિસ્તારમાં જઈ લોકોની રજૂઆત સાંભળી

અમદાવાદ,તા.૦૩



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા લોકો વચ્ચે જઈને તેમના પ્રશ્નોને સાંભળવાની નવી પહેલ શરૂ કરવામાં આવી છે. દર રવિવારે મુખ્યમંત્રી પોતાના વિધાનસભામાં આવતાં વોર્ડની સોસાયટી અને ફ્લેટમાં રહેતા લોકોને મળીને તેમના પ્રશ્નો સાંભળે છે. ૩ ઓગસ્ટ રવિવારના રોજ સવારે ૧૦ વાગ્યે ઘાટલોડિયા વિધાનસભાના ઘાટલોડિયા વોર્ડમાં આવેલા સમર્પણ ટાવર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પહોંચ્યા હતા. મુખ્યમંત્રીએ સમર્પણ ટાવર અને આસપાસની સોસાયટીમાં રહેતા નાગરિકોના પ્રાથમિક સુવિધા સહિતના પ્રશ્નોને સાંભળ્યા અને તેમને નિરાકરણ લાવવાની ખાતરી આપી હતી. મુખ્યમંત્રી સવારે સમર્પણ ટાવર ખાતે પહોંચ્યા હતા, જ્યાં સૌથી પહેલા તેઓ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. વૃક્ષારોપણ બાદ ઘાટલોડિયા વોર્ડમાં આવતી અલગ-અલગ સોસાયટીના રહીશોને મળ્યા હતા. એક બાદ એક જે પણ વ્યક્તિ પોતાની રજૂઆત કરવા આવ્યા હતા, તેમની વાત સાંભળી હતી. લોકો દ્વારા રોડ, પાણી, ગટર, લાઈટ, રોડ પરના ગેરકાયદેસર દબાણો, સોસાયટીઓમાં ગેરકાયદેસર બાંધકામ અને ટ્રાફિકને લઈને રજૂઆત કરી હતી.

# સુરત શહેરમાં માત્ર ૮૦ સેકન્ડમાં છરીનાં ૬૦થી વધુ ઘા ઝીંકી કાપડ દલાલની હત્યા

(એચ.એસ.એલ),સુરત,તા.૩



સુરત શહેર ફરી એકવાર દહેશતની છાયામાં આવી ગયું છે. શહેરના લીંબાયત વિસ્તારમાં એક કાપડ દલાલની ત્રણ શખ્સોએ ક્રૂર રીતે ચપ્પુથી હત્યા કરી નાખતા લોકોમાં ભય અને રોષનો માહોલ છવાઈ ગયો છે. મૃતક આલોક ઝંડારામ અગ્રવાલ (ઉં.વ. ૪૫) પર ૮૦ સેકન્ડની અંદર ૬૦થી વધુ ઘા ઝીંકી તેને હત્યાનો ભોગ બનાવવામાં આવ્યો હતો. આ સમગ્ર ઘટનાના CCTV ફૂટેજ વાયરલ થયા છે. આ મૃતક કાપડ દલાલ હોવાનું સામે આવ્યું છે. તીક્ષ્ણ હથિયારો વડે કરાયેલી હત્યાની ઘટનાએ શહેરના કાયદો વ્યવસ્થાની સ્થિતિ પર ગંભીર સવાલો ઊભા કર્યા છે. ઘટના રવિવારે વહેલી સવારે લગભગ પોણા ત્રણ વાગ્યે લીંબાયતના ડુંભાલ વિસ્તારમાં બની હતી. હત્યા બાદ શખ્સો જાહેરમાં ચપ્પુ હવામાં ઉછાળતા જતા હતા તે સીસીટીવી ફૂટેજમાં સ્પષ્ટ રીતે દેખાય છે. આલોકને ગંભીર હાલતમાં ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સ્મીમેર હોસ્પિટલ લવાયા હતા જ્યાં તેમને મૃત જાહેર કરાયા હતા. પોલીસે તાત્કાલિક ગુનો નોંધ્યો છે અને હત્યારાઓની શોધખોળ શરૂ કરી છે.

# પડતર માંગણીને લઈ રાજ્યની આંગણવાડી બહેનો આજે ગાંધીનગરમાં વિરોધ પ્રદર્શન કરશે

(એચ.એસ.એલ),ગાંધીનગર,તા.૩



સમગ્ર ગુજરાતની આંગણવાડી બહેનો ૪ ઓગસ્ટ, ૨૦૨૫ (સોમવાર)ના રોજ ગાંધીનગરની સત્યાગ્રહ છાવણી ખાતે મોટા પ્રમાણમાં વિરોધ પ્રદર્શનનું આયોજન કરી રહી છે. અંદાજે ૨૦,૦૦૦થી વધુ મહિલાઓ આ વિરોધમાં ભાગ લેવાની તૈયારીમાં છે, જેનો ઉદ્દેશ પોતાના પડતર પ્રશ્નોનો ઉકેલ મેળવવાનો છે.

બહેનો નીચેની મુખ્ય માંગણીઓ રજૂ કરશેઃ બીએલઓ કામગીરીમાંથી મુક્તિઃ આંગણવાડી મહિલાઓને ચૂંટણી શાખાના બૂથ લેવલ ઑફિસર તરીકેની વધારાની કામગીરીથી મુક્ત કરવાની માંગ ઉઠાવવામાં આવી છે, જેનાથી તેમની પ્રાથમિક જવાબદારીઓ પર અસર પડી રહી છે. સ્માર્ટફોનની માંગઃ તાત્કાલિક સ્માર્ટફોન પૂરા પાડવાની માંગ કરવામાં આવી છે, જે એફઆરએસ (ફેમિલી રજિસ્ટ્રેશન સિસ્ટમ) અને અન્ય કામગીરીઓ માટે આવશ્યક છે. ગુજરાત હાઈકોર્ટના ચુકાદાનું પાલનઃ ગુજરાત હાઈકોર્ટના સંબંધિત ચુકાદાનું પાલન કરવાની માંગ કરાઈ છે, જે આંગણવાડી કર્મચારીઓના હક્કો સાથે જોડાયેલી છે. બઢતી અને ઉંમરની મર્યાદાઃ ઉંમરની બાધ દૂર કરીને મહિલાઓને બઢતી આપવાની માંગ ઉઠાવવામાં આવી છે. FRSની મુશ્કેલીઓનો ઉકેલઃ એફઆરએસ સિસ્ટમમાં પડતી તમામ તકનીકી અને પ્રશાસનિક મુશ્કેલીઓ દૂર કરવાની માંગ કરાશે.

આંગણવાડી બહેનોનું કહેવું છે કે તેમના પર વધારાની કામગીરીનું ભારણ અને આધુનિક સાધનોની અછતને કારણે તેમની પ્રાથમિક જવાબદારીઓ પૂર્ણ કરવામાં મુશ્કેલી પડી રહી છે. આ વિરોધ પ્રદર્શન દ્વારા તેમની સમસ્યાઓ સરકાર સમક્ષ મૂકવાનો હેતુ છે. આ ઉપરાંત, એફઆરએસમાં સ્માર્ટફોનની અછત અને તેની સાથે જોડાયેલી તકનીકી સમસ્યાઓને લઈને પણ રોષ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે.

નારી હોસ્પિટલ
ડો. ચિરાગ કુબાવત M.B.D.G.O.
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com
હોસ્પિટલ માટે સ્ટાફ જોઈએ છે
:: રીસેપ્શનિસ્ટ ::
(કમ્પ્યુટર / ધો. ૧૨ પાસ) (લેડીઝ-૨)
પગાર ધોરણ : 5,000 - 7,000
:: કમ્પ્યુટર ઓપરેટર :: (લેડીઝ-૨)
ડેટા એન્ટ્રી, સોફ્ટવેર શીટ એન્ટ્રી, મેડીકલ સ્ટોક મેનેજમેન્ટ, તેમજ ઓનલાઈન પ્રિસ્કીપ્શન રાઈટીંગ માટે અનુભવી
પગાર ધોરણ : 5,000 - 7,000
:: સમય ::
સવારે : ૯ : ૦૦ થી બપોરે ૩ : ૦૦
બપોરે : ૩ : ૦૦ થી રાત્રીના ૧૦ : ૦૦
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું ફોન કરવો નહીં




